RNI No.: GUJGUJ/2014/59295
www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 8 * Issue No. 42* Date: 08.12.2021 Wendsday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન અને ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચે બેઠક યોજાઇ

## બંને દેશો વૈશ્વિક મુદ્દાઓ પર એકબીજાને સહકાર આપી રહ્યાં છે : પુતિન

નવી દિલ્હી, તા.૦૭

ભારત અને રશિયાના વિદેશ અને સંરક્ષણ પ્રધાનો વચ્ચેની બેઠકોના અંતે રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન અને ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચે બેઠક યોજાઇ હતી. રશિયાના વિદેશપ્રધાને ભારત સાથે એસ-૪૦૦ મિસાઇલ ડીલને લઈને અમેરિકા પર નિશાન સાધ્યું છે. રશિયાના વિદેશપ્રધાન લાવરોવે જણાવ્યું હતું કે આ ડીલનું પ્રતિકાત્મક મહત્ત્વ નથી. ભારતની સંરક્ષણ વ્યવસૃથા માટે આ ડીલ એક વ્યવહારિક પરિબળ છે. તેમણે જણાવ્યું હતું કે અમે જોયું કે અમેરિકા તરફથી આ સહયોગને નબળો પાડવા માટે કેવા પ્રયાસ કરવામાં આવ્યા. અમેરિકા તરફથી તે પ્રયત્નો કરવામાં આવ્યા કે ભારત તેની જ વાતોને માને કે આ ક્ષેત્રમાં કઈ રીતે વિકાસ થવો જોઈએ. તેમણે આ ડીલ અંગે ભારતની પ્રશંસા કરતા જણાવ્યું હતું કે અમારા મિત્રએ અમેરિકાને મજબૂતાઈથી જવાબ આપ્યો કે તે સાર્વભૌમ રાષ્ટ્ર છે અને કોઈની શેહમાં આવીને નિર્ણય લેતું નથી. રશિયાના વિદેશપ્રધાને જણાવ્યું હતું કે અમારે કોની પાસેથી શસ્ત્રો ખરીદવા, કયા સેક્ટરમાં કે અન્ય મામલામાં કોને ભાગીદાર બનાવવા તેનો નિર્ણય અમે જાતે લઈએ છીએ. આ દરમિયાન ભારત અને રશિયા વચ્ચે એકે ૨૦૩ રાઈફલોની પાંચ હજાર કરોડથી વધારે રકમની ડીલ થઈ. આ ડીલ હેઠળ અમેઠીમાં પાંચ લાખથી વધારે રાઈફલોનું ઉત્પાદન કરવામાં આવનાર છે. આ ઉપરાંત બીજી કેટલીક સમજૂતીઓ પર સહીસિક્કા થયા છે. આ ઉપરાંત રશિયા અને ભારત વચ્ચે ૨૦૨૧થી ૨૦૩૧ સુધી લશ્કરી સહયોગ અંગે પણ ડીલ થઈ છે. રશિયાએ ભારત સાથે થયેલી સમજૂતીમાં લશ્કરી ટેકનોલોજી આપવા અંગે સંમતિ આપી છે. ઉલ્લેખનીય છે કે અમેરિકા ભારત પર રશિયા સાથે એસ-૪૦૦ ડીલ ન કરવા દબાણ કરતુ હતુ. પણ ચીનના જોખમને જોતાં ભારત માટે ડીલ જરૂરી હતું.કોરોના મહામારી અને યુક્રેન સાથે ઘર્ષણના કટોકટીના સમયમાં પણ રશિયન પ્રમુખ વ્લાદિમિર પુતિને સોમવારે ભારતનો કેટલાક કલાકનો દ્વિપક્ષીય પ્રવાસ કર્યો હતો. તેમના આ પ્રવાસમાં ભારતે ચાર સંરક્ષણ સોદાઓ પર કરાર કર્યા હતા. વડાપ્રધાન મોદી સાથે દ્વિપક્ષીય વાટાઘાટો પછી રશિયન પ્રમુખ સોમવારે રાત્રે જ રશિયા પરત ફર્યા હતા. જોકે, કોરોનાકાળના લગભગ બે વર્ષના સમયમાં પુતિને કોઈપણ દેશ સાથે દ્વિપક્ષીય બેઠકોમાં ભાગ લીધો નહોતો. એવામાં ભારતનો પ્રવાસ બંને દેશો વચ્ચેના ગાઢ સંબંધો માટે સંકેત છે. ભારત સાથે સંરક્ષણ કરાર કરતી વખતે રશિયન સંરક્ષણ પ્રમુખ લાવરોવે જણાવ્યું હતું કે, અમેરિકાના અથાગ દબાણ છતાં ભારતે એસ-૪૦૦ મિસાઈલ ડિફેન્સ સિસ્ટમનો કરાર કરીને સાબિત કરી દીધું છે કે તે એક સાર્વભૌમ રાષ્ટ્ર છે અને દેશની સુરક્ષાના મુદ્દે તે કોઈની પણ શેહમાં આવે તેમ નથી. વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે રશિયન પ્રમુખના ભારત પ્રવાસે બતાવી દીધું છે કે ભારત સાથેની તેની મિત્રાતા સૌથી મહત્વની છે. રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિને ભારતને એક ખૂબ જ મોટી શક્તિ, એક મિત્ર દેશ અને સમયની કસોટી પર સાથ આપનાર મિત્ર ગણાવ્યું છે. તેમણે વડાપ્રધાન મોદી સાથે અનેક મુદ્દાઓ પર ચર્ચા કરી તથા આતંકવાદ, કેફી પદાથોની હેરાફેરી અને સંગઠિત અપરાધ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. પુતિને અફઘાનિસ્તાનના ઘટનાક્રમ અંગે પણ ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે આ ક્ષેત્રમાં ઉભા થનાર કોઇ પડકારનો



સામનો ભારત અને રશિયા સાથે મળીને કરશે. પુતિન આ બેઠકમાં ભાગ લેવા માટે ભારતની ટૂંકી યાત્રા પર આવ્યા હતાં. તેમની આ યાત્રા ૬ થી ૭ કલાકની જ હતી. વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે કોરોના મહામારી દરમિયાન રશિયાના પ્રમુખની બીજી વિદેશ યાત્રા ભારત-રશિયા વચ્ચેના સંબધો અંગે તેમની વ્યકિતગત પ્રતિબદ્ધતા દર્શાવે છે. પુતિને જણાવ્યું હતું કે બંને દેશો વૈશ્વિક મુદ્દાઓ પર એકબીજાને સહકાર આપી રહ્યાં છે. અનેક મુદ્દાઓ પર બંને દેશો સમાન વલણ અને વિચારસરણી ધરાવે છે. રશિયાના પ્રમુખે જણાવ્યું હતું કે અમે આતંકવાદ સાથે જોડાયેલ દરેક વસ્તુ અંગે ચિંતિત છીએ. તેમણે વેપાર, સંરક્ષણ સહિતના ક્ષેત્રોમાં બંને દેશો વચ્ચે વધી રહેલા સહકારનો પણ ઉલ્લેખ કર્યો હતો. બંને દેશો વચ્ચેનું પરસ્પરનું રોકાણ ૩૮ અબજ ડોલરનું છે. તેમણે અંતે જણાવ્યું હતું કે તેઓ મિત્ર દેશભારતની યાત્રાથી ખૂબ જ ખુશ છે.

## ભારતીય એચસીએલ કંપની અમેરિકામાં ૧૨ હજાર લોકોને નોકરી આપશે

વૉશિંગ્ટન, તા.૦૭

એચસીએલ ટેકનોલોજીસના સીઈઓ અને એમડી સી વિજયકુમારે જણાવ્યુ કે રાઈઝ એટ એચસીએલ પ્રોગ્રામ ફ્રેશર્સને ટ્રેનિંગ આપવા પર ફોકસ છે. જેમાં ફ્રેશર્સને જોબ લર્નિંગથી લઈને સોફ્ટ સ્કિલ ડેવલપમેન્ટ સુધીનુ શિક્ષણ આપવામાં આવે છે. અમે આ પ્રોગ્રામ દ્વારા તાજેતરમાં જ ગ્રેજ્યુએટ થવા અથવા જલ્દી જ ગ્રેજ્યુએટ થવા જઈ રહેલા યુવાઓને એચસીએલમાં કામ કરવા માટે તૈયાર કરશે. એચસીએલ આ પ્રોગ્રામ દ્વારા એપ ડેવલપમેન્ટ, ક્લાઉડ, આઈટી ઈન્ફ્રા સર્વિસ, ઈન્ટરનેટ ઓફ થિંગ્સ, ડેટા એનાલિટિક્સ અને ડિજિટલ એન્જિનિયરીંગ જેવા રોલ માટે હાયરિંગ કરશે.

આ હાયરિંગ અમેરિકાના નોર્થ કેરોલાઈના, ટેક્સાસ, કેલિફોર્નિયા, મિશીગન, પેન્સિલવેનિયા, મિનેસોટા અને કનેક્ટીકટ જેવા રાજ્યોમાં કેન્દ્રિત રહેવાના છે.ભારતીય આઈટી કંપની એચસીએલ ટેકનોલોજીસ અમેરિકામાં ૧૨ હજાર લોકોને નોકરી આપવા જઈ રહી છે. કંપની આ લોકોને આગામી પાંચ વર્ષ દરમિયાન નોકરીની તક આપશે. જેમાંથી લગભગ બે હજાર લોકોને આગામી દોઢ વર્ષની અંદર એચસીએલની સાથે કામ કરવાની તક આપવામાં આવશે. કંપનીએ આની જાણકારી આપતા કહ્યુ કે આ હાયરિંગ અમેરિકામાં સ્થાનિક લોકોને રોજગાર આપવાના તેમના પ્રોગ્રામ રાઈઝ એટ એચસીએલનો ભાગ છે. ઈન્ફોસિસ, ટીસીએસ, વિપ્રો અને એચસીએલ ટેકનોલોજીસ જેવી ભારતીય આઈટી કંપનીઓએ છેલ્લા કેટલાક વર્ષ દરમિયાન અમેરિકામાં હાયરિંગ ઝડપી કરી છે. આ પ્રયાસ અમેરિકી નોકરીઓને આઉટસોર્સ કરવા જવાની વાતને ખોટી સાબિત કરવા માટે છે.

### બ્રિટનમાં ફરીવાર મહામારીનો કહેર જોવા મળ્યો

## ઓમિક્રોન વેરિઅન્ટનો કમ્યુનિટી સ્પ્રેડ થવા લાગ્યો

યુકે, તા.૦૭

બ્રિટનમાં નૉન રેડ લિસ્ટ દેશમાંથી ભલે તે વેક્સિનેટેડ થયા હોય કે નહી, તેને યુકેમાં આવવા માટે ૪૮ કલાક પહેલા જ ૅઝઇ નેગેટીવ રિપોર્ટ બતાવવો પડશે. જાવિદે કહ્યુ કે બે દિવસ પહેલા પીસીઆર ટેસ્ટ અને નેગેટીવ રિપોર્ટ ન આવવ સુધી આઈસોલેશન જેવા ઉપાય અસ્થાયી છે અને તેમને આગામી અઠવાડિયે રિવ્યૂ કરવામાં આવશે. એક્સપર્ટનુ કહેવુ છે કે ઓમિક્રોન ડેલ્ટા વેરિઅન્ટની તુલનામાં ઘણો ઝડપથી ફેલાઈ રહ્યો છે.દુનિયાના ૩૮થી વધારે દેશોમાં કોરોનાના નવા




વેરિઅન્ટ ઓમિક્રોનના કેસ સામે આવી ચૂક્યા છે. દક્ષિણ આફ્રિકામાં સૌથી પહેલા ડિટેક્ટ થયેલા આ વેરિઅન્ટના અમેરિકા, બ્રિટન, યુરોપ, ભારતમાં પણ ઘણા ઝડપથી કેસ મળી રહ્યા છે. બ્રિટનમાં ઓમિક્રોનનો કમ્યુનિટી સ્પ્રેડ શરૂ થઈ ચૂક્યો છે. અહીં ટ્રાવેલ હિસ્ટ્રી વિના પણ ઘણા લોકો કોરોનાના નવા વેરિઅન્ટથી સંક્રમિત થઈ રહ્યા છે. યુકેના સ્વાસ્થ્ય મંત્રી સાજિદ જાવિદે સંસદમાં જણાવ્યુ કે દેશમાં કોરોનાના નવા વેરિઅન્ટના ૩૩૬ કેસ સામે આવી ચૂક્યા છે. ઈંગ્લેન્ડમાં આનો કમ્યુનિટી સ્પ્રેડ પણ જોવા મળ્યો છે. ઈંગ્લેન્ડમાં અત્યાર સુધી ૨૬૧ કેસ સામે આવી ચૂક્યા છે જ્યારે સ્કૉટલેન્ડમાં ૭૧, વેલ્સમાં ૪ કેસ સામે આવ્યા છે. સાજિદ જાવિદે રહ્યુ, કેટલાય કેસ એવા આવી રહ્યા છે, જેની કોઈ ટ્રાવેલ હિસ્ટ્રી પણ નથી. એવામાં અમે એ પરિણામ પર પહોંચ્યા છે કે ઈંગ્લેન્ડના કેટલાક ક્ષેત્રોમાં કમ્યુનિટી સ્પ્રેડ જોવા મળી રહ્યા છે. અમે કંઈ પણ નસીબ પણ છોડી રહ્યા નથી. તેમણે કહ્યુ જ્યારે દુનિયાના વૈજ્ઞાનિક નવા વેરિઅન્ટ વિશે જાણકારી એકઠી કરવામાં લાગેલા છે ત્યારે અમારી રણનીતિ કોરોનાના નવા વેરિઅન્ટની સામે પોતાની ડિફેન્સ મજબૂત કરવાની છે. જોકે, જાવિદે યુકે હેલ્થ સિક્યોરિટી એજન્સી દ્વારા જારી ડેટાનો પણ ઉલ્લેખ કર્યો, જેમાં વૈજ્ઞાનિકોએ ઓમિક્રોનની સમય મર્યાદા ડેલ્ટા વેરિઅન્ટ કરતા ઓછી હોવાની સંભાવના વ્યક્ત કરી છે. તેમણે કહ્યુ હજુ એ પણ સ્પષ્ટ નથી કે આ વાયરસ કેટલો જોખમી છે અને વેક્સિનની આની પર શુ અસર પડશે. તેથી અમે કંઈ પણ નિશ્ચિત કહી શકતા નથી કે આ વેરિઅન્ટ અમને રિકવરીના પાટા પરથી ઉતારી દેશે કે નહી.

## ઓમિક્રોન મુદ્દે ડબ્લ્યુએચઓની મહત્વપૂર્ણ બેઠક

નવી દિલ્હી, તા.૦૭

ઇન્ડિયન મેડિકલ એસોસિએશન એ કેન્દ્ર સરકારને નવા પ્રકાર ઓમિક્રોનના કેસો અંગે ડોકટરો, આરોગ્ય કાર્યકરો અને સ્વચ્છતા કાર્યકરો સહિત તમામ ફ્રન્ટલાઈન કામદારોને બૂસ્ટર ડોઝ આપવા વિનંતી કરી હતી. આ સિવાય સંસદની એક સમિતિએ હાલની રસીની અસરકારકતાના મૂલ્યાંકન અને બૂસ્ટર ડોઝની જરૂરિયાત પર સંશોધનની ભલામણ કરી છે. જો કે હજુ સુધી આ અંગે કોઈ પ્રતિક્રિયા આવી નથી.

આ સાથે બાળકોના રસીકરણને લઈને પણ સવાલો ઉઠી રહ્યા છે. જો કે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી મનસુખ માંડવિયાએ થોડા દિવસો પહેલા કહ્યું હતું કે સરકાર વૈજ્ઞાનિક સલાહના આધારે બાળકોના રસીકરણ અને બૂસ્ટર ડોઝ અંગે નિર્ણય લેશે.કોરોનાના નવા વેરિએન્ટ ઓમિક્રોનને લઈને સમગ્ર વિશ્વ ચિંતામાં ગરકાવ થઈ ગયું છે. વિકસિત રાષ્ટ્રો ઉપરાંત ઘણા દેશોમાં બૂસ્ટર ડોઝની માંગ છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના નિષ્ણાતોના સ્ટ્રેટેજિક એડવાઈઝરી ગ્રુપની આજે બેઠક મળવા જઈ રહી છે. બેઠકમાં બુસ્ટર ડોઝને મંજૂરી આપવામાં આવે તેવી શક્યતા છે. મીટિંગમાં રોગપ્રતિકારક શકિત, અસરકારકતા, સલામતી, પુરાવાઓ પર પણ ચર્ચા થઈ શકે છે.

## મોદીએ સત્ર દરમિયાન સંસદમાં ન હાજર રહેનાર સાંસદોને ઠપકો આપ્યો

નવી દિલ્હી, તા.૦૭

વડાપ્રધાન મોદીએ સાંસદોને સૂર્ય નમસ્કાર કરવાની સલાહ પણ આપી હતી. ૅસ્એ દરેકને કહ્યું તમે સૂર્ય નમસ્કાર કરો અને તેની સ્પર્ધા કરો, તે દરેકને સ્વસ્થ રાખશે.તમારે સંસદમાં હાજર રહેવું પડશે. મોદીએ કહ્યું, ‘હું ૧૩ તારીખે કાશી આવી રહ્યો છું. પહેલી વખત હું તમને ત્યાં આવવા નહી કહુ, સંસદ ચાલે છે તો તમારે ત્યાં હાજર રહેવું જોઈએ. ૧૪ ડિસેમ્બરે ચાય પે ચર્ચા કરીશુ. હું ચાય પે ચર્ચા પર બનારસના તમામ જિલ્લાના પદાધિકારીઓને મળીશ. આ બેઠક પૂરી થયા બાદ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાએ સાંસદોને સૂચના આપી હતી કે સત્રની સમાપ્તિ પછી તમે બધા તમારી પાસે સંસદીય ક્ષેત્રના તમામ જિલ્લા પ્રમુખો, વિભાગીય પ્રમુખો અને અન્ય પદાધિકારીઓ સાથે ચર્ચા કરો. બેઠકની શરૂઆતમાં PM મોદીનું સન્માન કરવામાં આવ્યું હતું. ૧૫ નવેમ્બર (બિરસા મુંડાનો જન્મદિવસ) જનજાતીય ગૌરવ દિવસ તરીકે ઉજવવાની જાહેરાત કરીને તેમને આ સન્માન આપવામાં આવ્યું હતું.ભારતીય જનતા પાર્ટી (BJP) સંસદીય દળની બેઠક વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં યોજાઈ હતી. આ બેઠકમાં ૅસ મોદી પાર્ટીના સાંસદોને કડક સ્વરમાં કહ્યું કે વર્તમાન શિયાળુ સત્ર દરમિયાન તેઓ ગૃહમાં હાજર રહે. PM મોદીએ ગૃહમાં હાજર રહેવાની કડક સૂચના ઉપરાંત સાંસદોને પણ કહ્યું છે તેમજ લોકોના હિતમાં કામ કરવા જણાવ્યું હતું. PM મોદીએ સત્ર દરમિયાન સંસદમાં ન આવતા સાંસદોને ઠપકો આપ્યો હતો. બીજેપી સંસદીય દળની બેઠકમાં PM મોદીએ ગૃહમાં પાર્ટીના સાંસદોની ગેરહાજરી પર ચિંતા વ્યક્ત કરી હતી.

## વડાપ્રધાન મોદીએ ગોરખપુરને ૯૬૦૦ કરોડની ભેટ આપી

નવી દિલ્હી, તા.૦૭

વડાપ્રધાન મોદી ગોરખપુરમાં ૧૧૨ એકર ક્ષેત્રમાં ફેલાયેલી AIIMSનું પણ ઉદ્ઘાટન કર્યુ. વર્ષ ૨૦૧૬માં ૅસ્મોદીએ તેનો શિલાન્યાસ કર્યો હતો. નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ વાયરોલોજી, પૂણેની સમકક્ષ, ICMR નું પ્રાદેશિક કેન્દ્ર પણ BRD મેડિકલ કોલેજ, ગોરખપુરમાં પૂર્ણ થયું છે. મોદીએ કહ્યું, આંતરરાષ્ટ્રીય બજારમાં જ્યાં યુરિયા ૬૦-૬૫ રૂપિયા પ્રતિ કિલો વેચાઈ રહ્યો છે. તે જ સમયે, યુરિયા પણ ભારતમાં સસ્તું વેચાઈ રહ્યું છે. એ જ રીતે ભારત ખાદ્યતેલ ખરીદવા માટે કરોડો રૂપિયા વિદેશમાં મોકલે છે. ભારત કાચા તેલ પર પણ ૫-૭ લાખ કરોડ રૂપિયા ખર્ચે છે. અમે ઈથેનોલ અને બાયોફ્યુઅલ પર ભાર મૂકીને આ માટે પ્રયાસ કરી રહ્યા છીએ. ઉત્તર પ્રદેશમાં બાયોફ્યુઅલ બનાવવા માટે ઘણી ફેક્ટરીઓમાં કામ ચાલી રહ્યું છે.નરેન્દ્ર મોદીએ આજે ગોરખપુરને કરોડો રૂપિયાના પ્રોજેક્ટની ભેટ આપી છે. PM લગભગ ૯,૬૦૦ કરોડના પ્રોજેક્ટ રાષ્ટ્રને સમર્પિત કર્યા છે. આ પ્રોજેક્ટ્સમાં સૌથી મહત્વપૂર્ણ ગોરખપુરની ખાતર ફેક્ટરી છે, જેની કુલ કિંમત ૮૬૦૩ કરોડ છે. આ સિવાય PM મોદીએ ગોરખપુરમાં AIIMS અને RMRCના ટેસ્ટિંગ સેન્ટરનું પણ ઉદ્દ્ઘાટન કર્યું. મોદીએ ગોરખપુરની ખાતર ફેક્ટરીનું ઉદ્ઘાટન કર્યુ તે ૬૦૦ એકર વિસ્તારમાં બનેલી ખાતર ફેક્ટરીમાં ૧૨ લાખ મેટ્રિક ટનથી વધુ યુરિયાનું ઉત્પાદન કરશે. PM નરેન્દ્ર મોદીએ ૨૦૧૬માં ખાતરની ફેક્ટરીનો શિલાન્યાસ કર્યો હતો અને આ ફેક્ટરી નિર્ધારિત સમયમર્યાદામાં તૈયાર થઈ ગઈ છે. મોદીએ લગભગ ૬૦૦ એકર વિસ્તારમાં હિન્દુસ્તાન ફર્ટિલાઇઝરના નામે બનેલી આ ફેક્ટરીને આજે રાષ્ટ્રને સમર્પિત કરી. જેમાં ૧૨ લાખ મેટ્રિક ટનથી વધુ યુરિયાનું ઉત્પાદન થશે. આનાથી આ વિસ્તારના ખેડૂતોને ફાયદો તો થશે જ, સાથે સાથે રોજગારીની સંભાવનાઓને આગળ વધારવામાં પણ તે મોટી ભૂમિકા ભજવશે.

## કોવિડને કારણે મલેરિયા સામેની લડાઈમાં અવરોધો : ડબ્લ્યુએચઓ

,જીનિવા, તા.૦૭

મેલેરિયાથી થયેલા કુલ મોત પૈકી ૯૫ ટકા મોત સબ સહારા આફ્રિકન દેશોમાં થયા હતાં. છેલ્લા ૧૫ વર્ષોમાં ચીન અલ સાલ્વાડોર સહિત ૧૨ દેશોને ડબ્લ્યુએચઓ દ્વારા મેલેરિયા મુક્ત જાહેર કરવામાં આવ્યા છે. જો કે બીજી તરફ ડબ્લ્યુએચઓએ ચેતવણી આપી છે કે છેલ્લા કેટલાક વર્ષોમાં અમુક દેશોમાં મેલેરિયાના કેસો અને તેનાથી થતા મોતની સંખ્યામાં વધારો જોવા મળ્યો છે. વર્ષ ૨૦૧૫થી ૨૦૨૦ દરમિયાન ૧૧ દેશોમાં મેલેરિયાના કેસો ૧.૩ કરોડથી વધીને ૧૬.૩ કરોડે પહોંચી ગયા હતાં.

આ દેશોમાં ગયા વર્ષો મેલેરિયાથી થતા મોત પણ ૫૪૦૦૦થી વધીને ૪,૪૫,૦૦૦ થઇ ગયા હતાં.કોરોના મહામારીને કારણે મેલેરિયા સામેની લડાઈમાં અવરોધ ઉભો થયો છે તેમ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન (ડબ્લ્યુએચઓ)એ એક નિવેદનમાં જણાવ્યું છે. અનેક દેશોમાં કોરોનાને કારણે આરોગ્ય સેવાઓમાં અવરોધ ઉભો થવાના કારણે મેલેરિયા સામેની લડાઈમાં અવરોધ ઉભો થયો છે. જેના કારણે મેલેરિયાથી થતાં મોતમાં પણ વધારો જોવા મળ્યો છે. યુએન હેલ્થ એજન્સીના તાજેતરના વર્લ્ડ મેલેરિયા રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે વર્ષ ૨૦૨૦માં કુલ ૨૪.૧ કરોડ મેલેરિયાના કેસો સામે આવ્યા હતાં. જે અગાઉના વર્ષની સરખામણીમાં ૧.૪ કરોડ કેસ વધારે છે. વર્ષ ૨૦૨૦માં મેલેરિયાને કારણે ૬,૨૭,૦૦૦ લોકોનાં મોત થયા હતાં. જે અગાઉના વર્ષની સરખામણીમાં ૬૯,૦૦૦ વધારે છે.



## તંત્રી સ્થાનેથી...

# યુવાનો ગ્રામીણ વિસ્તારોમાં ઘર છોડીને શહેરોમાં ભણવા કે કામ કરવા જઈ રહ્યા છે




સુધારેલી આજીવિકાની શોધમાં એક વિસ્તારમાંથી બીજા વિસ્તારમાં સ્થળાંતર એ માનવ ઇતિહાસનું મુખ્ય લક્ષણ છે. જ્યારે કેટલાક પ્રદેશો અને ક્ષેત્રો વસ્તીને ટેકો આપવાની તેમની ક્ષમતામાં પાછળ પડે છે, અન્ય લોકો આગળ વધે છે અને લોકો આ ઉભરતી તકોને એક્સેસ કરવા સ્થળાંતર કરે છે. ઔદ્યોગિકીકરણ ગ્રામીણ અને શહેરી વિસ્તારો વચ્ચેના અંતરને વિસ્તૃત કરે છે, જેમાં ઔદ્યોગિક ક્ષેત્રો તરફ કર્મચારીઓના સ્થળાંતરનો સમાવેશ થાય છે. આપણા દેશમાં, તાજેતરના વર્ષોમાં ગ્રામીણ અને શહેરી સમુદાયો વચ્ચેનું વિભાજન વધી રહ્યું છે. તકો અને પરિવર્તનની શોધ કરતા યુવાનો કારકિર્દીની સંભાવનાઓ, વધુ નાણાકીય સ્વતંત્રતા અને નવી જીવનશૈલીના વચન સાથે તેમના ગ્રામીણ ઘરોમાંથી મોટા શહેરોમાં સ્થળાંતર કરી રહ્યા છે, અને આ ફાયદાઓ ઘણીવાર ખામીઓ કરતાં વધી જાય છે.

યુવાનોના જવા માટેનું એક કારણ એ છે કે શહેરોમાં ઓફર કરવામાં આવતી વ્યવસાય અને કારકિર્દીની તકો આકર્ષક છે. ગ્રામીણ સમુદાયોમાં મોટાભાગે એવા યુવાનો માટે મર્યાદિત સંભાવનાઓ હોય છે જેઓ ખેતી અને નાના-શહેરના વ્યવસાયોના પ્રમાણમાં સરળ જીવન કરતાં વધુ સપના જોતા હોય છે. અભ્યાસના સંદર્ભમાં, શહેરોમાં કેટલીકવાર વધુ શૈક્ષણિક તકો હોય છે, જેમાં શાળાઓ અને યુનિવર્સિટીઓ કદાચ વધુ સારા સંસાધનો અને શીખવા માટે અદ્યતન ટેક્નોલોજી ધરાવતા હોય. તેમના સમગ્ર જીવન માટે નાના, ગ્રામીણ સમુદાયમાં ઉછર્યા પછી, ઘણા યુવાનો મોટા શહેરો તરફ જવાને તેમના નાણાકીય ભવિષ્યને બદલે તેમના સામાજિક જીવનને બદલવાની તક તરીકે વધુ જુએ છે, આ શહેર મનોરંજન અને મળવાની વધુ તકો પ્રદાન કરે છે. જીવનના વિવિધ ક્ષેત્રના લોકો.

જો કે તેના ગેરફાયદા પણ હોઈ શકે છે. કમનસીબે, ઘણા કિસ્સાઓમાં, વચન આપેલ તકો ફળીભૂત થતી નથી કારણ કે બજારો અત્યંત સ્પર્ધાત્મક છે, અને મોટા શહેરમાં પણ નોકરીઓ હજુ પણ મર્યાદિત છે. દુર્ભાગ્યે, મૂલ્યોમાં ફેરફાર તેમના માટે સમાયોજિત કરવા માટે પણ મુશ્કેલ હોઈ શકે છે, અને ઘણીવાર યુવાનો વધુ નાણાકીય મુશ્કેલીમાં પરિણમે છે અને આખરે તેમના ગ્રામીણ ઘરોમાં પાછા જવું પડે છે. કેટલાક કિસ્સાઓમાં, તેઓ જે જીવનનું સપનું જોયું હતું તે બનાવવામાં અસમર્થ હોય છે અને ક્યારેક તેમના સપનાનો પીછો કરતી વખતે મોટા શહેરમાં વધુ મુશ્કેલ, વધુ અલગ જીવન જીવે છે.

અંતે હું નિષ્કર્ષ પર આવવા માંગુ છું કે ભારતમાં આ સંબંધિત સ્થળાંતર અને શહેરી આક્રમણ માટે, અમારે એક નવો સંશોધન પરિપ્રેક્ષ્ય તેમજ નવા અને વૈકલ્પિક આયોજન પ્રિસ્ક્રિપ્શનોની જરૂર છે. આપણી પાસે મજબૂત યોજનાઓ હોવી જોઈએ અને ગરીબ સ્થળાંતર કરનારાઓના લાભ માટે તેમની ક્રમિક કામગીરી હવે ખૂબ જ મહત્વપૂર્ણ છે. માત્ર આપણે જ શહેરીકરણની અસરોને હેન્ડલ કરી શકીશું અને ઉર્ધ્વગામી પરિવર્તન લાવી શકીશું

આ યુવાનો માટે સ્થળાંતર કરવાની સંભવિત મુશ્કેલીઓ હોવા છતાં, એકંદરે વધુ સારા ભવિષ્યના સંદર્ભમાં જોખમ ઉઠાવવાથી મેળવી શકાય તેવા લાભો આના કરતાં વધુ છે. આખરે તે દરેક વ્યક્તિ પર નિર્ભર છે કે કોઈ પણ નિર્ણય લેતા પહેલા તેમના માટે શ્રેષ્ઠ વિકલ્પ શું છે તે કાળજીપૂર્વક ધ્યાનમાં લેવું.

# ઓમિક્રોનની અસર શેરમાર્કેટ પર પણ પડી

અમદાવાદ, તા.૦૭

સોમવારે બજારમાં ઓમિક્રોનની અસર જોવા મળી હતી જેમાં મુંબઈ શેરબજાર ખાતે કામકાજનો પ્રારંભ મક્કમ ટોને થયા બાદ ઉપરોક્ત પ્રતિકૂળ અહેવાલો પાછળ ચોમેરથી વેચવાલીના દબાણ પાછળ સેન્સેક્સ ઈન્ટ્રા-ડે ૧૦૦૦ પોઈન્ટથી વધુ તૂટી ૫૬૬૮૭ સુધી પટકાયા બાદ કામકાજના અંતે ૯૪૯.૩૨ પોઈન્ટ ઘટી ૫૬૭૪૭.૧૪ની સપાટીએ નરમ રહ્યો હતો એનએસઈ ખાતે પણ વેચવાલીના ભારે દબાણે નિફ્ટી ઈન્ટ્રા-ડે ૧૭૦૦૦ની સપાટી ગુમાવી ૧૬૮૯૧ સુધી પટકાયા બાદ કામકાજના અંતે ૨૮૪.૪૫ પોઈન્ટ તૂટી ૧૬૯૧૨.૨૫ની સપાટીએ નરમ રહ્યો હતો. સેન્સેક્સમાં બોલેલા કડાકાના પગલે આજે રોકાણકારોની સંપત્તિમાં (બીએસઈ માર્કેટ કેપ) રૂા. ૪.૩૦ લાખ કરોડનું ધોવાણ થતાં અંતે રૂા. ૨૫૬.૭૨ લાખ કરોડ રહ્યું હતું. વિદેશી રોકાણકારો દ્વારા આજે રૂા. ૩૩૬૧ કરોડની વેચવાલી હાથ ધરાઈ હતી.

છેલ્લા ૧૨ દિવસમાં તેઓએ કુલ રૂા. ૪૪૩૬૫ કરોડની વેચવાલી હાથ ધરાઈ છે. નિફ્ટી તેના ૧૬૯૦૦ના સ્ટ્રોંગ સપોર્ટ ઝોન નજીક પહોંચ્યો છે. જો આ સપાટી જળવાશે તો પુલબેક રેલી જોવા મળશે. નિફ્ટી જો આ સપાટી ગુમાવશે તો ૧૬૮૦૦/ ૧૬૭૦૦નું લેવલ જોવા મળશે. જે મહત્ત્વની ટેકાની સપાટી છે.ભારત સહિત વિશ્વભરમાં કોરોનાના નવા વેરિયન્ટ ઓમિક્રોન ઝડપથી પ્રસરતા વૈશ્વિક વૃદ્ધિ પુનઃ રૂંધાવાની દહેશત સહિતના અન્ય પ્રતિકૂળ અહેવાલો પાછળ વિદેશી રોકાણકારો સહિત ચોમેરથી આવેલ વેચવાલીના દબાણ પાછળ આજે બીએસઈ સેન્સેક્સમાં ૯૪૯ અને એનએસઈ નિફ્ટીમાં ૨૮૪ પોઈન્ટનું ગાબડું નોંધાયું હતું. આજે રોકાણકારોની સંપત્તિમાં રૂા. ૪.૩૦ લાખ કરોડનું ધોવાણ થયું હતું. ઓમિક્રોનના સતત વધતા કેસની બીજી તરફ ઊંચા ફુગાવા તેમજ યુએસ ફેડરલ દ્વારા બોન્ડ બાઈંગ પ્રક્રિયા પર બ્રેક મારવાના સંકેતોની બજાર પર પ્રતિકૂળ અસર હતી. આ ઉપરાંત ચીનનું અર્થતંત્ર મંદ પડતા ચાઈનીઝ સેન્ટ્રલ બેંકે રિઝર્વ રેશિયોમાં ઘટાડો કર્યાના અહેવાલોની પણ બજાર પર અસર જોવા મળી હતી.

## આ વર્ષે સરકારને વેરાકીય આવકમાં જંગી વધારો થતાં

# સરકારે ઓઈલ બોન્ડ સૌથી મોટું પેમેન્ટ ૨૦ હજાર કરોડ કર્યું

નવી દિલ્હી, તા.૦૭

યુનાઈટેડ પ્રોગ્રેસિવ એલાયન્સ (યુપીએ) સરકારે દેશમાં ઈંધણના ભાવ નીચા રાખવા માટે આ બોન્ડ જારી કર્યા હતા. આ બોન્ડ આજે પછીની સરકારો માટે ગળાનું હાડકું બની ગયા છે. આ બોન્ડ અત્યારે મોટો રાજકીય વિવાદનો વિષય બન્છે. ભાજપની આગેવાની હેઠળની (એનડીએ) સરકારે ઈંધણ પરના ઊંચા વેરા માટે યુપીએ સરકારે જારી કરેલા બોન્ડ પર દોષનો ટોપલો ઢોળ્યો હતો. શાસક પક્ષના કેટલાય પ્રધાનો આ માટે અગાઉની સરકારને જવાબદાર ઠેરવી ચૂક્યા છે. દેશના મોટાભાગના હિસ્સામાં પેટ્રોલ-ડીઝલના ભાવ પ્રતિ લિટર ૧૦૦ રૂપિયાની સપાટી વટાવી જતા સરકાર પર એકસાઈઝ ડ્યુટી ઘટાડવાનું દબાણ આવ્યું હતું. તેથી સરકારે પેટ્રોલ પર પ્રતિ લિટર પાંચથી ૨૭.૯ રુપિયા અને ડીઝલ પર પ્રતિ લિટર રૂ. ૧૦થી ૨૧.૮નો ઘટાડો કર્યો હતો. તેનું અનુસરણ રાજ્યોએ કરતા મોટાભાગના રાજ્યોએ પેટ્રોલ-ડીઝલ પરનો વેરો ઘટાડયો હતો. વર્તમાન વર્ષમાં ૩૧ માર્ચના અંતે ઓઈલ બોન્ડ પેટે હજી પણ ૧.૩૦ લાખ કરોડની રકમ ચૂકવવાની બાકી હતી. આ વર્ષે ૧૬ ઓક્ટોબર અને ૨૮મી નવેમ્બરના રોજ બે તબક્કામાં પાંચ હજાર કરોડની રકમ ચૂકવાતા ઋણબોજ ઘટીને ૧.૨ લાખ કરોડ થયો છે. ઓઈલ બોન્ડ પેટે આગામી ચૂકવણી ૧૦ નવેમ્બર ૨૦૨૩ના રોજ આવશે અને આ રકમ ૩૧,૧૫૦ કરોડ રૂપિયા છે.

હવે જો તેનો વ્યાજખર્ચ ગણાય તો આ રકમ ૯,૧૯૫ કરોડ રૂપિયા સાથે કુલ ૪૦,૩૪૫.૯૬ કરોડ થાય છે. હાલની દસ હજાર કરોડની ચૂકવણી ઓઈલ બોન્ડની બાકી નીકળતી રકમ ઘટાડવાની દિશામાં પ્રથમ પ્રયાસ છે. તેના પગલે તેનું દેવુ ઘટીને ૧.૩૪ લાખ કરોડ રુપિયા થશે. તેના પછી તેણે ૨૦૨૪-૨૫માં ૪૦,૩૪૫.૯૬ કરોડ રૂપિયાની રકમ ચૂકવવી પડશે.કેન્દ્ર સરકારે આ વર્ષે થયેલી જંગી વેરાકીય આવકના પગલે અત્યાર સુધીની સૌથી મોટું ઓઈલ બોન્ડ પેમેન્ટ લગભગ ૨૦,૦૦૦ કરોડ રુપિયા કર્યુ છે. તેમા મુદ્દલ અને વ્યાજ બંનેનો સમાવેશ થાય છે. આના લીધે કેન્દ્રને આગામી વર્ષોમાં ઓઈલ બોન્ડના વ્યાજ પેટે ઓછી રકમ ચૂકવવી પડશે. જો કે ચિંતાજનક બાબત એ છે કે ઓઈલ બોન્ડ જારી કરાયા ત્યારે વ્યાજદર ઘણો ઊંચો હતો.

આરટીઆઈ મુજબ આ ઓઈલ બોન્ડ પરનો વ્યાજદર ૬.૩૫ ટકાથી ૮.૪ ટકા છે. કેન્દ્રને આ વર્ષે એક્સાઈઝ પેટે પણ જંગી આવક થઈ છે, તેના લીધે પણ તેને આ બોન્ડ ચૂકવણીમાં મદદ મળી છે. તેને વર્તમાન નાણાકીય વર્ષના પ્રથમ ત્રણ મહિના દરમિયાન રૂપિયા ૭૨,૩૬૦.૭૯ કરોડની આવક થઈ છે. નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ એક્સાઈઝ ડ્યુટી પેટે કુલ આવક ૩.૭૨ લાખ કરોડ થઈ હતી. જો કે ૪૧ ટકા એકસાઈઝ ડ્યુટી કલેક્શન કેન્દ્ર-રાજ્ય વચ્ચેના આવક વહેંચણીના કરાર મુજબ રાજ્યને જાય છે. આ ચૂકવણી છતાં પણ કેન્દ્ર સરકારે ઓઈલ બોન્ડ પર હજી પણ ઊંચી રકમ ચૂકવવાની છે.

# બેટર ડોટ કોમ કંપનીના ભારતીય સીઈઓએ ઓનલાઈન ૯૦૦ કર્મચારીઓને કાઢી મૂક્યા

વૉશિંગ્ટન,તા.૦૭

મોર્ગેજ કંપની બેટર ડોટ કોમના સીઈઆ વિશાલ ગર્ગે એકસાથે ૯૦૦ કર્મચારીઓની કરેલી હકાલપટ્ટી ચર્ચાનો વિષય બની છે. સોશિયલ મીડિયા પર તેની જબરજસ્ત ચર્ચા છે. કર્મચારીઓએ પણ જણાવ્યું હતું કે ક્રિસમસ નજીકમાં છે ત્યારે આ પ્રકારનું પગલું અત્યંત ક્રૂર ગણી શકાય. ૪૩ વર્ષના ગર્ગે ઝૂમ કોલમાં જણાવ્યું હતું કે હું તમારી સમક્ષ સારા સમાચાર લઈને આવ્યો નથી.

જો તમે આ કોલ પર છો તેનો અર્થ એવો થાય છે કે તમે હકાલપટ્ટી પામનારાઓમાં એક છો. તમારી નોકરી તાત્કાલિક અસરથી પૂરી થાય છે. ગર્ગે જણાવ્યું હતું કે આ સમાચાર તમને સાંભળવા નહી ગમે, પરંતુ આ મારો નિર્ણય છે. મારા માટે આ ખરેખર પડકારજનક નિર્ણય હતો. મારી કારકિર્દીમાં હું બીજી વખત આવું કરી રહ્યો છું અને મેં આ પહેલી વખત કર્યુ ત્યારે હું રોયો હતો. જો કે કંપનીના અધિકારીઓનું કહેવું છે કે દસ હજાર કર્મચારીઓ ધરાવતી કંપનીમાં ફક્ત નવ ટકા લોકોને જ છૂટા કરાયા છે. ગર્ગ ન્યૂયોર્ક યુનિવર્સિટી સ્ટર્ન સ્કૂલ ઓફ બિઝનેસનો એલ્યુમનસ છે અને ત્રણ સંતાનોનો પિતા છે. તેણે ૨૦૧૩માં તેની પત્ની સાથે બેટર ડોટ કોમની સ્થાપના કરી હતી. તેણે જોયું કે મોટાભાગના અમેરિકનોએ મકાન ખરીદવા માટે અત્યંત અઘરી અને જટિલ પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે, તેનું સોલ્યુશન પૂરુ પાડવા કંપની સ્થાપી હતી.

ઝૂમ કોલમાં ગર્ગે સમજાવ્યું હતું કે બજાર બદલાઈ ગયું છે અને કંપનીએ ટકવા માટે તેની સાથે વહેવું પડશે. બેટર ડોટ કોમની ઓફિસ ભારતમાં છે અને ભારતમાંથી કેટલાને નીકાળ્યા છે તેના કોઈ સમાચાર નથી.ભારતીય મૂળના અમેરિકન સીઈઓએ ઝૂમ એપ્લિકેશન પર એકસાથે ૯૦૦ કર્મચારીઓની હકાલપટ્ટી કરીને અમેરિકાના વર્કપ્લેસમાં તોફાન મચાવી દીધું છે. રોકાણકારોએ કંપનીમાં ૭૫ કરોડ ડોલરનું રોકાણ કર્યુ હોવા છતાં પણ સીઈઓએ બજારની નબળી સ્થિતિ, કથળેલી ઉત્પાદકતા અને નબળી કામગીરીના આધારે કર્મચારીઓને હકાલપટ્ટી કરી હતી.

# ઓમિક્રોન આ રીતે વધ્યો તો દેશમાં ત્રીજી લહેર ફેબ્રુઆરી સુધીમાં આવી શકે




મુંબઈ, તા.૦૭

મધ્યપ્રદેશે આ વર્ષે જાન્યુઆરીના મધ્યાંતરથી લઈને ડિસેમ્બરમાં આજની તારીખ સુધીમાં નવ કરોડથી વધારે ડોઝ આપ્યા છે. રાજયમાં ૯,૪૯૫ સ્થળોએ રસીકરણનું કાર્ય જારી છે. અગ્રવાલે જણાવ્યું હતું કે કોરોનાના નવા વેરિયન્ટ સાથે અમારુ અનુમાન કહે છે કે દેશમાં ફેબ્રુઆરી સુધીમાં કોરોનાની ત્રીજી લહેર જોવા મળશે, પણ આ લહેર કોરોનાની બીજી લહેર કરતાં હળવી હશે. ઓપણે ઓમિક્રોનની ગંભીરતા જોઈ છે, પણ તે ડેલ્ટા વેરિયન્ટ જેટલો ગંભીર નહી હોય. તેમણે જણાવ્યું હતું કે સાઉથ આફ્રિકા પર ચાંપતી નજર રાખવામાં આવી રહી છે. સાઉથ આફ્રિકામાં હવે હોસ્પિટલાઈઝેશનના કેસોની સંખ્યામાં વધારો જોવા મળી રહ્યો નથી. વાઈરસ અને હોસ્પિટલાઈઝેશન અંગેના નવા આંકડા પરથી વધારે સ્પષ્ટ ચિત્ર મળશે. તેમનું નિરીક્ષણ હતું કે કોરોનાના ડેલ્ટા વેરિયન્ટ ફેલાવવા દરમિયાન હળવા લોકડાઉનના લીધે તેને કાબૂમાં લાવી શકાયો હતો. તેના લીધે તેની પીક વેલ્યુમાં પણ નોંધપાત્ર પ્રમાણમાં ઘટાડો થશે.ઓમિક્રોન સાથે ભારતમાં કોરોનાની ત્રીજી લહેર ફેબ્રુઆરીમાં ત્રાટકી શકે છે અને તેના પગલે કોરોનાના કેસોની દૈનિક સંખ્યા પ્રતિ દિન લાખથી દોઢ લાખ સુધી પહોંચી શકે છે, પરંતુ તેની અસર બીજી લહેર કરતાં હળવી હશે, એમ કોવિડ-૧૯ ટ્રેજેક્ટરીના મેથેમેટિસિયન પ્રોજેક્શન સાથે જોડાયેલા આઈઆઈટીના વૈજ્ઞાનિક મહિન્દ્રા અગરવાલે જણાવ્યું હતું. વડાપ્રધાને જણાવ્યું હતું કે દેશની ૫૦ ટકાથી વધારે પુખ્ત વસતીને રસીના બંને ડોઝ મળી ચૂક્યા છે. આ મહત્ત્વનું સીમાચિન્હ છે. પણ આ હાંસલ કર્યા પછી પણ આપણે ઢીલા પડવાનું નથી, કોરોના સામેની લડત જારી જ રાખવાની છે. સમગ્ર દેશમાં સોમવારે કોરોનાના કુલ ૮,૩૦૬ કેસ પોઝિટિવ આવ્યા હતા. આ સાથે ભારતમાં કોરોનાના કેસોનો કુલ આંકડો ૩,૪૬,૪૧,૫૬૧ સુધી પહોંચ્યો છે. જ્યારે સક્રિય કેસોનો આંકડો ઘટીને ૯૮,૫૧૨ થયો છે, જે છેલ્લા ૫૫૨ દિવસનો નીચો આંકડો છે. બીજા ૨૧૧ના મોતના પગલે કોરોનાથી થયેલા મોતનો આંકડો ૪,૭૩,૫૩૭ પર પહોંચ્યો છે.

# વિશ્વની શસ્ત્ર ઉત્પાદક કંપનીઓના લિસ્ટમાં ભારતની 3 કંપનીનો સમાવિષ્ટ

નવી દિલ્હી, તા.૦૭

વિશ્વની ૧૦૦ મુખ્ય શસ્ત્ર ઉત્પાદક કંપનીઓના કુલ વેચાણમાં તેનો ફાળો ૧૩ ટકા જેટલો છે. આ રીતે તો વિશ્વમાં અમેરિકા પછીનો સૌથી મોટો શસ્ત્ર ઉત્પાદક દેશ બની રહેલ છે, અને તેણે તે સ્પર્ધામાં બ્રિટનને પણ પાછળ રાખી દીધું છે. આ અહેવાલ વધુમાં જણાવે છે કે, ચીનના આટલા મોટા વિકાસ પાછળ તેનો મહત્ત્વકાંક્ષી કાર્યક્રમ મુખ્ય ચાલકબળ છે અને તે આધુનીકીકરણમાં પણ અગ્રીમ છે.

ચીનની પાંચેપાંચ શસ્ત્ર ઉત્પાદક કંપનીઓ, ટોચની ૨૦ કંપનીઓમાં સ્થાન ધરાવે છે. તે પૈકી ત્રણ કંપનીઓ તો ટોચની ૧૦ કંપનીઓ (વિશ્વની)માં સ્થાન ધરાવે છે. ચીનની NORINC એ ૨૦૨૦માં ૧૭.૯ ખર્વ ડોલરનું વેચાણ કરી વિશ્વમાં ૭મા ક્રમે આવી ગઈ છે તે ચીનની સૌથી મોટી શસ્ત્ર ઉત્પાદક કંપની છે. તેનું વેચાણ ૨૦૨૦માં ૧૨ ટકા જેટલું વધ્યું હતું તે ઉભરી રહેલી ટેક્નોલોજીનો ઉપયોગ કરે છે અને Beladon સિવિલ નેવિગેશન સેટેલાઈટ સિસ્ટમમાં પણ ઉપયોગ કરે છે.

જો કે, ૨૦૨૦માં તેની યુદ્ધ વિમાન ઉત્પાદક કંપની AVIC (જે ૮મા ક્રમે છે) તેના ઉત્પાદનમાં માત્ર ૧.૪ ટકાનો જ ઘટાડો થયો હતો, તેથી તેનું વેચાણ ૧૭ ખર્વ ડોલર જેવું રહ્યું હતું. વિશ્વની ટોચની ૧૦ કંપનીઓમાં ૯મા સ્તને રહેલી ચીનની CETC કંપની મીલીટરી ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદનો કરે છે. તેનું વેચાણમાં ૨૦૨૦માં ૬ ટકાનો ઘટાડો થયો હતો. વિશ્વની ટોચની ૧૦૦ શસ્ત્ર ઉત્પાદક કંપનીઓમાં ટોચના સ્તરે રહેલી ચીનની આ પાંચેપાંચ કંપનીઓ સરકાર હસ્તકની છે તે લશ્કરી તેમજ નાગરિક જરૂરિયાતો માટેના ઉત્પાદનો કરે છે.

આ પાંચે કંપનીઓ સિવિલિયન સેલ્સમાંથી સૌથી વધુ નફો મેળવે છે.વિશ્વની ૧૦૦ અગ્રીમ શસ્ત્ર- ઉત્પાદક કંપનીઓની યાદીમાં ભારતની ત્રણ કંપનીઓ સમાવિષ્ટ છે તે કંપનીઓમાં શસ્ત્રો, યુદ્ધ વિમાનો અને અન્ય સાધનોનું ઉત્પાદન કરે છે. આ માહિતી આપતાં સ્વીડીશ થિંક-ટેક્ર સ્ટોકહોમ ઈન્ટરનેશનલ પીસ રીસર્ચ ઈન્સ્ટીટયૂટ (SIPRI) દ્વારા તેના અહેવાલ ટોપ ૧૦૦ આર્મી પ્રોડયુસીંગ એન્ડ મીલીટરી સર્વિસીઝ કંપનીઝ-૨૦૨૦માં જણાવ્યું છે કે, ૧૦૦ કંપનીઓમાં હિન્દુસ્તાન એરોનૉટિક્સ ૪૨મા ક્રમે, ભારત ઈલેક્ટ્રોનિક્સ ૬૬મા ક્રમે છે. બંનેના વેચાણમાં અનુક્રમે ૧.૫ ટકા અને ૪ ટકાનો વધારો થયો છે.

ઈન્ડિયન ઓર્ડિનન્સ ફેક્ટરી ૬૦મા ક્રમે છે જો કે તેના ઉત્પાદનમાં ૨૦૨૦માં માત્ર ૦.૨ ટકાનો જ વધારો થયો છે. આ બધી જ કંપનીઓનું કુલ વેચાણ ડૉલર ૬.૫ અબજ (આશરે રૂા. ૪૮,૭૫૦ કરોડ) છે. તેમ કહેતાં તે અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, તે ત્રણે કંપનીઓનું કુલ વેચાણ વિશ્વની ૧૦૦ મોટી શસ્ત્ર ઉત્પાદક કંપનીઓના કુલ વેચાણના માત્ર ૧.૨% જેટલું જ રહ્યું છે. જો કે, મહામારી દરમિયાન પણ આ કંપનીઓ ઉત્પાદન કરી રહી હતી. તેથી મહામારીને લીધે થતી ઋણાત્મક અસર પ્રમાણમાં મંદ રહી હતી. ૨૦૨૦માં ભારત સરકારે દેશની શસ્ત્ર ઉત્પાદક કંપનીઓને પુષ્ટિ આપતાં તથા શસ્ત્ર ઉત્પાદનમાં આત્મનિર્ભરતા કેળવવા ૧૦૦ જેટલા વિવિધ પ્રકારના શસ્ત્રાસ્ત્રો તથા સાધનોની આયાત ક્રમે ક્રમે ઘટાડવા નિર્ણય લીધો હતો. તેથી આ કંપનીઓના ઉત્પાદનમાં વધારો દેખાઈ રહ્યો છે.

આ સામે શસ્ત્ર ઉત્પાદનમાં ચીનની પ્રગતિ જોઈ છક્ક થઈ જવાય તેમ છે. આજે ચીન શસ્ત્ર ઉત્પાદન અને સેનાકીય સાધનોના ઉત્પાદનમાં અમેરિકા પછી દ્વિતીય ક્રમે છે. ચીનની પાંચેપાંચ શસ્ત્ર ઉત્પાદક કંપનીઓ ૨૦૨૦માં વેચાણ ૬૬.૮ ખર્વ ડોલર અંદાજવામાં આવ્યું છે. જે ૨૦૧૯ના વેચાણ કરતા ૧.૫ ટકા વધુ છે.

# વડાપ્રધાનના વારાણસી પ્રવાસ પહેલા મસ્જિદને કેસરિયો રંગ લગાવતા વિવાદ



વારાણસી, તા.૦૭

વારાણસી ડેવલપમેન્ટ ઓથોરિટી જયાં એકરુપતા લાવવાનો દાવો કરી રહ્યુ છે તો ત્યાં લોકોનો આરોપ છે કે તેમના પૂછ્યા વિના જ ઈમારતને રંગવામાં આવી રહી છે. બુલાનાલા વિસ્તારમાં રસ્તા કિનારે એક ઘણી જૂની મસ્જિદ છે જેને બુલાનાલા મસ્જિદ પણ કહેવામાં આવે છે. આનો રંગ સફેદ હતો. આરોપ છે કે ઓથોરિટીએ સફેદ રંગ પર આછો નારંગી રંગ રાતોરાત પેઈન્ટ કરી દીધો. જેનાથી મસ્જિદ સાથે જોડાયેલા લોકોમાં ઘણો રોષ છે અને તેઓ આને મનમાની અને તાનાશાહી વલણ ગણાવી રહ્યા છે. મસ્જિદની દેખરેખ કરનારી અંજુમન ઈન્તજામિયા મસાજિદ કમિટીના મોહમ્મદ એજાજ ઈસ્લાહીએ જણાવ્યુ કે તેમની મસ્જિદનો રંગ રાતોરાત બદલી દેવાયો. જો કંઈ કરવુ જ હતુ તો એક વાર વાત કરવી જોઈએ, તેમણે કહ્યુ કે આ મનમાની અને તાનાશાહી છે.

પહેલા તેમની મસ્જિદ સફેદ હતી જે હવે કેસરિયો રંગની થઈ ગઈ છે. તેમણે કહ્યુ આની પર અમે વાંધો ઉઠાવ્યો છે અને ડીએમ ને મળવાનો પ્રયત્ન પણ કર્યો છે પરંતુ મુલાકાત થઈ નથી. આ સિવાય કાશી વિશ્વનાથ મંદિર કાર્યાલયમાં પણ વાંધો વ્યક્ત કરાયો છે કે આ રંગ ખોટો છે. તેમણે જણાવ્યુ કે અમે પહેલો જેવો સફેદ રંગ કરાવીશુ અને આનો સમગ્ર ખર્ચ તેમની કમિટી જ કરશે. જે નુકસાન થશે તે જાતે જ ચૂકવવુ પડશે. તેમણે કહ્યુ કે આ કારસ્તાનીને લઈને તે લોકોમાં ઘણી નારાજગી છે પરંતુ માહોલ કંઈક એવો છે કે કહી શકાય તેમ નથી. તેમણે કહ્યુ કે પીએમ મોદી કોરિડોરનુ ઉદ્ઘાટન કરવા જઈ રહ્યા છે અને આ એ સંદેશ આપવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે કે તમામ લોકો તેમની સાથે છે પરંતુ આવુ છે નહી.વડા પ્રધાન નરેન્દ્ર મોદી ૧૩ ડિસેમ્બરે કાશી વિશ્વનાથ કૉરિડોરનુ ઉદ્ઘાટન કરશે. પીએમ મોદીના વારાણસી પ્રવાસને લઈને તૈયારીઓ જોરશોરથી ચાલી રહી છે. વિશ્વનાથ મંદિર તરફથી જનારા રસ્તાને નારંગી રંગથી રંગવામાં આવી રહી છે. આના કારણે એક મસ્જિદનો રંગ પણ નારંગી કરી દેવાયો છે. જેને લઈને મુસ્લિમ સમુદાયમાં નારાજગી છે. મુસ્લિમ સમુદાયે વારાણસી ડેવલપમેન્ટ ઓથોરિટી પર તાનાશાહી કરવાનો આરોપ લગાવ્યો છે.

# અમેરિકાએ ચીનમાં યોજાનાર વિન્ટર ઓલિમ્પિકનો બહિષ્કાર કર્યો




અમેરિકા, તા.૦૭

અમેરિકાએ આ જાહેરાત વિન્ટર ઓલિમ્પિક શરૂ થવાના બે મહિના પહેલા કરી છે. આ ગેમ્સ ફેબ્રુઆરી ૨૦૨૨માં શરૂ થવાની છે. આ પહેલા પણ અમેરિકા આ પગલું ભરશે તેવી અટકળો ચાલી રહી હતી. જોકે, વિન્ટર ઓલિમ્પિકમાં અમેરિકન ખેલાડીઓ ભાગ લે તેવી અપેક્ષા છે. બાયડન વહીવટીતંત્ર તેના માત્ર એક રાજદ્વારી પ્રતિનિધિને બેઈજિંગ મોકલશે નહીં. યુએસના પગલાને અમેરિકન એથ્લેટ્સને સ્પર્ધામાં ભાગ લેતા અટકાવ્યા વિના વિશ્વ મંચ પર ચીનને મજબૂત સંદેશ મોકલવાના પ્રયાસ તરીકે જોવામાં આવે છે. વ્હાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી જેન સાકીએ કહ્યું કે અમેરિકી એથ્લેટ્સને અમારું સંપૂર્ણ સમર્થન છે. અમે સંપૂર્ણ રીતે તેમની સાથે છીએ. ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઝાઓ લિજિયાને સોમવારે અમેરિકા પર આમંત્રણ વિના ઓલિમ્પિકના રાજદ્વારી બહિષ્કારને વેગ આપવાનો આરોપ મૂક્યો હતો. છેલ્લી વખત યુએસએ મોસ્કો ઓલિમ્પિક્સનો સીધો બહિષ્કાર કર્યો હતો તે ૧૯૮૦માં શીત યુદ્ધના યુગમાં હતો. જયારે ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ જિમી કાર્ટર ઓફિસમાં હતા. આ પહેલા ઘણી વખત વિવિધ દેશો દ્વારા ઓલિમ્પિક ગેમ્સનો બહિષ્કાર અથવા ઓછા દેશોની ભાગીદારીનો સામનો કરવો પડ્યો છે. વર્ષ ૧૯૫૬ (મેલબોર્ન), ૧૯૬૪ (ટોક્યો), ૧૯૭૬ (મોન્ટ્રીયલ), ૧૯૮૦ (મોસ્કો), ૧૯૮૪ (લોસ એન્જલસ) અને ૧૯૮૮ (સિઓલ) માં વિવિધ દેશોએ યુદ્ધ, આક્રમકતા અને રંગભેદ જેવા કારણોસર ઓલિમ્પિક રમતોનો બહિષ્કાર કર્યો હતો.અમેરિકા ચીનના બેઈજિંગમાં ૨૦૨૨ની વિન્ટર ઓલિમ્પિક ગેમ્સનો રાજદ્વારી રીતે બહિષ્કાર કરશે. વ્હાઈટ હાઉસના પ્રેસ સચિવ જેન સાકીએ આની જાહેરાત કરી હતી. તેમણે કહ્યું કે બાયડેન વહીવટીતંત્ર તેના કોઈપણ સત્તાવાર અથવા રાજદ્વારી પ્રતિનિધિમંડળને બેઈજિંગમાં વિન્ટર ઓલિમ્પિક અને પેરાલિમ્પિક ગેમ્સમાં મોકલશે નહી. તેણે આ માટે ચીન દ્વારા શિનજિયાંગ પ્રાંત અને દેશમાં અન્ય માનવાધિકારોના ઉલ્લંઘનને જવાબદાર ગણાવ્યું હતું.

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS NO :0080**

વિષય : કૃતિને પહેલો ક્રમ મળ્યો તે સમયની અભિવ્યક્તિ :

આમ તો નાનપણથી કાંઈને કાંઈ લખવાનો મને શોખ. પ્રાયમરીમાં ભણતી ત્યારે પણ નિબંધલેખન, કાવ્યપઠન, સુલેખન જેવી અનેક સ્પર્ધામાં મોટાભાગે પ્રથમ નંબર મેળવ્યો જ હોય. નવમાં ધોરણમાં ભણતી ત્યારે એકવાર જિલ્લા કક્ષાની સ્વરચિત કાવ્યલેખન સ્પર્ધામાં પ્રથમ નંબર મેળવ્યો. ત્યારે મારાં આનંદનો પાર ન રહ્યો.સાચું કહું તો એ સમયથી જ મારાં ઉપર મા સરસ્વતીની કૃપા ઉતરી,એમ કહું તો જરાય અતિશયોક્તિ નહીં લાગે.

" છાલક" મેગેઝીન દ્વારા ગુજરાતી ભાષાનાં સમગ્ર વિશ્વનાં સર્જકોને" લઘુકથા "સ્પર્ધા માટે આમંત્રણ આપવામાં આવ્યું. આ સ્પર્ધામાં ગુજરાતી ભાષાના ઉત્તમોત્તમ સર્જકોએ પણ ભાગ લીધેલો, મેં પણ મારી એક લઘુકથા આ સ્પર્ધામાં મોકલી આપી. નિર્ણાયકો તરીકે ભાષાના નામાંકિત ધુરંધરોએ પોતાનું યોગદાન આપીને કિંમતી સમય ફાળવેલો. ત્રણેક મહિનાનો સમય વીતી ગયો. હું પણ ભૂલી ગયેલી કે મેં આવી કોઈ સ્પર્ધા માટે કૃતિ મોકલી છે.

એક દિવસ સવારે અગિયારેક વાગ્યા હશે ત્યાં આદરણીય સર્જક શ્રી યોગેશભાઈ જોશીનો મારાં પર અભિનંદન આપતો ફોન આવ્યો. જે એમના જ શબ્દોમાં અહીં મુકું છું., કહે "તમારી કૃતિ "છાલક " લઘુકથા સ્પર્ધામાં પ્રથમ ક્રમે છે., બહેન, તમે તો ભલભલા સર્જકોની સામે મેદાન માર્યું છે! જુઓ, એ રિઝલ્ટ તમને વોટ્સઅપ કર્યું છે." એમની આ વાત સાંભળી હું તો એકદમ નાચી ઊઠી.અને મને અનહદ આનંદ થયો.

ખરેખર, એ ક્ષણ, એ દિવસ મારાં જીવનનો સહુથી યાદગાર દિવસ બની ગયો. હવે ટૂંક સમયમાં આ સ્પર્ધા વિજેતાઓને સન્માનિત કરવા માટેનો કાર્યક્રમ યોજાનાર છે.

વર્ષા જાની, ભાવનગર

---

**NOG SS NO:004**

વિષયઃ લખતા લખતા તમારી કૃતિ(ગદ્ય કે પદ્ય)ને પહેલો ક્રમાંક મળ્યો તે સમયની મનની અભિવ્યક્તિ

પ્રકારઃગદ્ય (સ્વાનુભવ)

શીર્ષક-મારી ઓળખ

મારા જીવનમાં સુખ દુઃખની ચગડોળ ઉંચી નીચી થયા જ કરી. બાળપણથી સાહિત્ય પ્રેમી તેથી કંઈને કંઈ નવું વાંચતી ને પપ્પા દ્વારા અપાતા પુસ્તકો પણ ઉથલાવતી. ક્યાંક કોઈ લેખક હૃદયમાં સ્થાન પામતાં તો કોઈક લેખકની વાતો ન પચતી. નવું નવું નોટ્સમાં ટપકાવતી ને વાંચી વાંચી મન મંથન કરતી. અંતે નિષ્કર્ષ પર આવતી કે હું પણ કંઈક લખું.

સોળ વર્ષની ઉમ્મરે મારી વાર્તા ખોટ અખંડઆનંદમાં મોકલી ને તે સખેદ પાછી આવી.દુઃખ થયું લાગ્યું હું સાહિત્યને લાયક નથી. વાર્તામાં મારી મૌલિકતા પપ્પાના મિત્ર પ્રશાંતકાકાએ જોઈ. મને સમજાવ્યું કે મેં ક્યાં ભૂલ કરી છે, પણ હું અટકી ગઈ ડાયરીમાં નાનું નાનું લખી મૂકી દેતી.મન હતું કનૈયાલાલ
મુનશીની હવેલીનાં છાયામાં છું કંઈક લખું, પણ સમયના વહેણને થોડો અટકાવી શકાય? વહેતાં એ વહેણમાં ઉમ્મર પણ દોડવા લાગી. સંસારચક્રનું વમળમાં એવી ઘૂમરીઓ વચ્ચે પચાસી પણ એટલે અડધી સદી વિતી ગઈ . તેની વચ્ચે ભગવાને સરસ માર્ગ કરી આપ્યો ટ્યૂશનનો,બાળકોને સ્કૂલ ભણાવતા જાણ્યું કે ગુજરાતી
ગાઈડ(માર્ગદર્શિકા) મુંબઈમાં બંધ થઈ ગઈ છે. તે દિવસે
મનોમન નક્કી કર્યુ કે સાહિત્યકાર તો ઘણાં થઈ ગયાં થશે પણ મારા વિદ્યાર્થીઓ જેનાથી વંચિત છે, તે પહેલાં શરૂ કરું . બાળકો ને માર્ગદર્શિકા રૂપે નોટ્સ મારા ખર્ચે છાપીને પોષાય એ ભાવે આપવા માંડી. વિચાર્યું નહિ કે
મારા જ વિદ્યાર્થીઓનું શું થશે?મુંબઈની બધી જ શાળામાં
પહોંચાડી.

ટ્રેનમાં વડોદરા જઈ રહી હતી.
નિતાબેન નામના કોશિશ સ્કૂલમાં ગુજરાતી શિક્ષિકા ઉપરથી મને પેપર ચેક કરતા જોઈ રહ્યાં હતાં. તેઓ એ પાર્લા રહું છું જાણ્યા
પછી મને પૂછ્યું કોઈ જયશ્રી પટેલને ઓળખો છો? તેઓની ગુજરાતીની નોટ્સ લઈ શાળામાં વિદ્યાર્થીઓ જે
મંદબુદ્ધિનાં છે તેઓને ભણાવું છું. ★મિત્રો સાચું કહું એ જ મારું પ્રથમ ઈનામ હતું. ન સર્ટિફિકેટ ન કોઈ જાહેરાત ને
તે વિદ્યાર્થીઓને બધાંને જ્યાં સુધી લખતી રહી નોટ્સ ત્યાં સુધી શાળામાં પહોંચાડતી રહી.

મારી ભાષાએ મારી ઓળખ આપી.
પાર્લામાં જ રહેતાં, કિશોરભાઈના ગ્રુપની ઓળખ એટલે★ગુજરાતી
ભાષા વિકાસ સંગઠનનની ઓળખ નિતાબેને કરાવી.
ત્યાં મનગઢન લખતી રહી મારા ગ્રુપે સ્વીકાર્યું ને પ્રોત્સાહન વધ્યું.. મારા વિદ્યાર્થીઓએ મારું ફેસબુક અકાઉન્ટ ખોલ્યું અને સોશિયલ મિડિયાની ઓળખ થઈ.
ગ્રુપમાંથી લોકો સુધી પહોંચ્યું.ત્યાં જ બીજા ગુરૂ મળ્યાં પ્રફુલ્લભાઈ તેઓએ મારી કવિતા ને નાની વાર્તાઓને તેમના મેગેઝીન શબ્દસેતુમાં સ્થાન આપ્યું.ત્યાંજ માયાદેસાઈની ઓળખ ત્રીજા ગુરૂ તરીકે સ્વીકારી, ભૂલો સ્વીકારી ને આગળ વધી. તેણે યુગવંદનામાં વાર્તા છાપી ★તપન જલન★ ને ★માતૃભાષા★ પર કવિતા છપાય.શાળામાં નિબંધોમાં ઘણાં ઈનામો મળ્યાં પણ તપન જલનને ત્રીજું ઈનામ મળ્યું ને ત્યાંથી શીલશીલો ચાલું થયો..
મનની અભિવ્યક્તિ એક એવી ઉંચાઈએ
પહોંચી ઘણું ઘણું લખાતું ગયું પણ મારી નોટ્સે જે રીતે મારી ઓળખ આપીને પહેલે ક્રમાંકે મૂકી એ પળ એ ક્ષણ
ટ્રેનની એ ઓળખ જીવનભર મનમાં અંકિત થઈ ગઈ.

વિશાળ આકાશમાં જ્યારે નજર નાંખું ને દૂર દૂર દેખાતો ચમકતો એક તારો બિન્દુ રૂપે જોઉં ત્યારે પેલા
બાળકોની ખુશી યાદ કરી મલકાય જાઉં.
જયશ્રી પટેલ

# નેમીનાથ એન્ટરપ્રાઈઝનાં પ્રતિક સંઘાણી દ્વારા સિવીલ હોસ્પીટલના જરૂરીયાતમંદ દર્દીઓ તેમજ થેલેસેમીયા પીડીત બાળકોના લાભાર્થે રકતદાન કેમ્પ




પ્રવર્તમાન શિયાળાની ઠંડીની સીઝનમાં રકતની જરૂરીયાત ઉભી થઇ છે. સીવીલ હોસ્પિટલનાં જરૂરીયાતમંદ દર્દીઓ તેમજ થેલેસેમીયા પીડીત બાળકો માટે નિઃશુલ્ક લોહી મળી રહે તે માટે સૌ પ્રયત્નશીલ બને તેવી વિનંતી છે. રક્તદાન કરી અમુલ્ય માનવ જીંદગીઓને તેમજ થેલેસેમીયા પીડીત બાળકોના જીવનને બચાવવા નિમિત માટે અપીલ કરવામાં આવી છે. રાજકોટની સિવિલ હોસ્પિટલ, બાળકોની હોસ્પિટલ ખાતે સમગ્ર સૌરાષ્ટ્રનાં દર્દીઓ, થેલેસેમીયા પિડીત બાળકો નિઃશુલ્ક સારવાર માટે આવે છે. હાલમાં સિવિલ હોસ્પિટલમાં તમામ પ્રકારનાં બ્લડ ગ્રુપની તાતી જરૂરીયાત છે. નેમીનાથ એન્ટરપ્રાઈઝનાં પ્રતિક સંઘાણી દ્વારા સિવીલ હોસ્પીટલના જરૂરીયાતમંદ દર્દીઓ તેમજ થેલેસેમીયા પીડીત બાળકોનાં લાભાર્થે, 'નેમીનાથ હાઉસ', મેટ્રો પ્લાઝાની સામે, બેંક ઓફ ઈન્ડીયાની પાસે, જનસતા ચોક, મોટી ટાંકી ચોકની નજીક,રાજકોટ ખાતે તા. ૧૨/૧૨/૨૦૨૧, રવીવારના રોજ સવારે ૯-૦૦ થી ૧-૦૦ વાગ્યા સુધી રકતદાન કરી માનવ જીંદગીઓ બચાવવા વિનંતી કરવામાં આવી છે. સંસ્થાઓ, સોસાયટીઓ, સેવાભાવીઓ તાત્કાલીક રકતદાન કેમ્પનું પણ આયોજન કરે તો સીવીલ હોસ્પીટલ બ્લડ બેંક આપનાં સ્થળેથી રકતદાન સ્વીકારવા આવશે, નાના કેમ્પ હશે તો પણ થઈ શકશે. અત્યારની કોરોના કાળની પરિસ્થિતિમાં રકતદાન કેમ્પોની સંખ્યા નહીવત થઈ ગઈ છે. જે રકતદાન કેમ્પો થાય છે ત્યાં પણ રકતદાતાઓ ખૂબ ઓછી સંખ્યામાં આવે છે. શિયાળાની ઠંડીની સીઝનમાં રકતદાન કેમ્પો સાવ ન્યુનતમ થવાના છે. આ તકલીફનાં આંશીક નિવારણ માટે અને થેલેસેમીયા પીડીત બાળકોનાં જીવન બચાવવા આ રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. તમામ રકતદાતાઓને પ્રમાણપત્ર તેમજ ભેટ અર્પણ કરી પ્રોત્સાહીત કરાશે.

આ રકતદાન કેમ્પની વિશેષ માહિતી અંગે પ્રતિક સંઘાણી (મો.૯૯૯૮૦૩૦૩૯૩), મિતલ ખેતાણી (મો. ૯૮૨૪૨૨૧૯૯૯), કમલેશભાઈ જોષી (મો.૯૯૨૪૩૧૧૦૦૦), શૈલેષભાઈ જાની (મો.૯૮૨૫૯ ૩૫૪૭૫) નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

"રક્તદાન જીવનદાન"

# ઓમિક્રોનના ભયથી પાકિસ્તાને ૧૫ દેશો પર પ્રતિબંધ મુક્યો

નવી દિલ્હી, તા.૦૭

એનસીઓસીએ જર્મની, ત્રિનિદાદ અને ટોબેગો, અઝરબૈજાન, મેક્સિકો, શ્રીલંકા, રશિયા, યુએસએ, યુકે, થાઈલેન્ડ, ફ્રાન્સ, ઓસ્ટ્રિયા, અફઘાનિસ્તાન અને તુર્કીને કેટેગરી 'બી'માં મૂક્યા છે. આ દેશોમાંથી આવતા પ્રવાસીઓએ સંપૂર્ણ રસીકરણ કરાવવું જોઈએ. પ્રવાસીઓએ મુસાફરીના ૪૮ કલાક પહેલા 'નેગેટિવ રિપોર્ટ' પણ સબમિટ કરવાનો રહેશે. કેટેગરી 'ઞ' અને 'મ' માં સમાવિષ્ટ અન્ય તમામ દેશોને કેટેગરી 'છ' માં મૂકવામાં આવ્યા છે. બધા મુસાફરોએ સંપૂર્ણ રસી લગાવવી જોઈએ. તમામ પાકિસ્તાનીઓ ૧૫ ડિસેમ્બર સુધી કેટેગરી 'C' દેશોમાંથી મુક્તિ વિના મુસાફરી કરી શકે છે, પરંતુ આગમન પર સ્ક્રીનિંગ પ્રોટોકોલનું પાલન કરવું ફરજિયાત રહેશે. પાકિસ્તાનમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના ૩૩૬ નવા કેસ નોંધાયા છે અને ૧૦ લોકોના મોત થયા છે. રાષ્ટ્રીય સ્વાસ્થ્ય સેવા મંત્રાલયના જણાવ્યા અનુસાર દેશમાં અત્યાર સુધીમાં ચેપના ૧,૨૮૭,૧૬૧ કેસ નોંધાયા છે અને ૨૮,૭૭૭ લોકોના મોત થયા છે. અત્યાર સુધીમાં ૧,૨૪૬,૪૬૪ લોકો સાજા થયા છે, જ્યારે ૮૬૨ દર્દીઓ સારવાર હેઠળ છે. પાકિસ્તાનમાં, ૫૨ મિલિયન લોકોને સંપૂર્ણ રસી આપવામાં આવી છે, જ્યારે ૮૨ મિલિયન લોકોને આંશિક રીતે રસી આપવામાં આવી છે.કોરોના વાયરસના ઓમિક્રોન વેરિએન્ટે સમગ્ર વિશ્વની ચિંતા વધારી દીધી છે. આ વેરિઅન્ટ હવે પાકિસ્તાન, થાઈલેન્ડ, લાતવિયા અને નેપાળમાં પણ ઘુસી ગયો છે. ઓમિક્રોનના વધતા જતા કેસોને જોતા પાકિસ્તાને ૧૫ દેશો પર ટ્રાવેલ પ્રતિબંધ લગાવી દીધો છે. તેમાં ક્રોએશિયા, હંગેરી, નેધરલેન્ડ, યુક્રેન, આયર્લેન્ડ, સ્લોવેનિયા, વિયેતનામ, પોલેન્ડ, દક્ષિણ આફ્રિકા, મોઝામ્બિક, લેસોથો, એસ્વાટિની, બોત્સ્વાના, ઝિમ્બાબ્વે અને નામીબિયાનો સમાવેશ થાય છે.

# વિશ્વના ૩૮થી વધુ દેશોમાં ઓમિક્રોન ડબલ ઝડપે ફેલાઈ રહ્યો છે

નવી દિલ્હી, તા.૦૭

યુકેમાં નોન-રેડ લિસ્ટ કન્ટ્રીમાંથી હોય, રસી અપાઈ હોય કે ન હોય, તેણે યુકે આવવાના ૪૮ કલાક પહેલા પીસીઆર નેગેટિવ રિપોર્ટ બતાવવો પડશે. જાવિદે કહ્યું, બે દિવસ પહેલા નેગેટિવ રિપોર્ટ આવે ત્યાં સુધી પીસીઆર ટેસ્ટ અને આઈસોલેશન જેવા પગલાં કામચલાઉ છે અને આવતા અઠવાડિયે તેની સમીક્ષા કરવામાં આવશે. જ્યારે નિષ્ણાતો કહે છે કે ઓમિક્રોન ડેલ્ટા વેરિઅન્ટ કરતાં ઘણો ઝડપથી ફેલાઈ રહ્યો છે.વિશ્વના ૩૮થી વધુ દેશોમાં કોરોનાના નવા વેરિએન્ટ ઓમિક્રોનના કેસો નોંધાયા છે. આફ્રિકાથી લઈને અમેરિકા, યુકે, યુરોપ, ભારતમાં પણ આ વાયરસ ખૂબ જ ઝડપથી ફેલાઈ રહ્યા છે. યુકેમાં ઓમિક્રોનનોની કહેર વર્તાઈ રહ્યો છે. અહીં ટ્રાવેલ હિસ્ટ્રી વગરના ઘણા લોકો ઓમિક્રોનથી સંક્રમિત થઈ રહ્યા છે. યુકેના સ્વાસ્થ્ય મંત્રી સાજિદ જાવિદે સંસદમાં જણાવ્યું કે દેશમાં કોરોનાના નવા પ્રકારોના ૩૩૬ કેસ નોંધાયા છે. આ ફેલાવો ઈંગ્લેન્ડમાં પણ જોવા મળ્યો છે. ઈંગ્લેન્ડમાં અત્યાર સુધીમાં ૨૬૧ કેસ નોંધાયા છે. જ્યારે સ્કોટલેન્ડમાં ૭૧ કેસ નોંધાયા છે, જ્યારે વેલ્સમાં ૪ કેસ નોંધાયા છે. સાજિદ જાવિદે કહ્યું, ઘણા એવા કિસ્સાઓ આવી રહ્યા છે જેની કોઈ ટ્રાવેલ હિસ્ટ્રી પણ નથી. આવી સ્થિતિમાં અમે આ નિષ્કર્ષ પર પહોંચ્યા છીએ કે ઈંગ્લેન્ડના ઘણા વિસ્તારોમાં ઓમિક્રોનનો ફેલાવો જોવા મળી રહ્યો છે. અમે ભાગ્ય પર કંઈપણ છોડતા નથી. તેમણે કહ્યું, જ્યારે વિશ્વના વૈજ્ઞાનિકો નવા પ્રકારો વિશે માહિતી એકત્ર કરવામાં વ્યસ્ત છે ત્યારે અમારી વ્યૂહરચના એ છે કે સમયસર કોરોનાના નવા પ્રકારો સામે આપણું સંરક્ષણ મજબૂત કરવું.

# ક્રૂડ તેલમાં ૩૩,૫૦,૦૦૦ બેરલનાં કામકાજ સાથે વાયદાના ભાવમાં રૂ.૧૧૩નો ઉછાળો

## સોનાનો વાયદો રૂ.૯૦ વધ્યોઃ ચાંદી રૂ.૯૧ નરમઃ કોટન, સીપીઓ, મેન્થા તેલ રબરમાં સાર્વત્રિક સુધારોઃ એનર્જી ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ૯૧ પોઈન્ટ

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં સોમવારે પ્રથમ સત્ર સુધીમાં ૧,૧૮,૨૪૪ સોદાઓમાં કુલ રૂ.૧૦,૩૫૪.૭૮ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓના સૂચકાંક બુલડેક્સના ડિસેમ્બર વાયદામાં ૪૬ પોઈન્ટ અને બિનલોહ ધાતુઓના સૂચકાંક મેટલડેક્સના ડિસેમ્બર વાયદામાં ૧૫૭ પોઈન્ટ તેમ જ એનર્જી ઈન્ડેક્સના ડિસેમ્બર વાયદામાં ૯૧ પોઈન્ટની મૂવમેન્ટ રહી હતી.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીમાં ૪૧,૭૧૨ સોદાઓમાં કુલ રૂ.૨,૯૮૧.૪૫ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૪૭,૯૫૩ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૪૮,૦૩૦ અને નીચામાં રૂ.૪૭,૮૫૭ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૯૦ વધી રૂ.૪૭,૯૯૩ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૫૪ વધી રૂ.૩૮,૩૮૩ અને ગોલ્ડ-પેટલ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૯ વધી રૂ.૪,૭૮૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૬૧,૬૦૬ ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૧,૭૧૯ અને નીચામાં રૂ.૬૧,૨૮૦ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૯૧ ઘટી રૂ.૬૧,૪૨૫ બોલાઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૭૫ ઘટી રૂ.૬૧,૭૧૯ અને ચાંદી-મિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૭૫ ઘટી રૂ.૬૧,૭૧૪ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં ૧૧,૨૮૧ સોદાઓમાં રૂ.૨,૨૪૮.૩૮ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૦.૯૫ ઘટી રૂ.૨૧૦.૫૦ અને જસત ડિસેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૧.૩૦ ઘટી રૂ.૨૬૮ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. આ સામે તાંબુ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૫.૧૦ વધી રૂ.૭૨૮.૧૦ અને નિકલ ડિસેમ્બર કોન્રેરેક્ટ રૂ.૮.૫ ઘટી રૂ.૧,૫૪૨.૧૦ તેમ જ સીસું ડિસેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૦.૪૦ ઘટી રૂ.૧૮૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં ૩૩,૬૩૪ સોદાઓમાં કુલ રૂ.૨,૬૬૫.૭૪ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ડિસેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૫,૦૭૧ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫,૧૬૭ અને નીચામાં રૂ.૫,૦૭૧ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૧૧૩ વધી રૂ.૫,૧૪૫ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ ડિસેમ્બર વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૬.૯૦ ઘટી રૂ.૨૯૦.૯૦ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝમાં ૧,૯૮૭ સોદાઓમાં રૂ.૨૫૭.૭૪ કરોડનાં કામકાજ થયા હતા. રબર ડિસેમ્બર વાયદો ૧૦૦ કિલોદીઠ રૂ.૧૮,૨૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૮,૩૭૦ અને નીચામાં રૂ.૧૮,૨૦૦ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૦૨ વધી રૂ.૧૮,૩૪૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સીપીઓ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ.૧,૧૧૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૧૧૭.૯૦ અને નીચામાં રૂ.૧૧૦૬.૪૦ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૦.૭૦ વધી રૂ.૧૧૦૯.૮૦ બોલાઈ રહ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૮.૨૦ વધી રૂ.૯૪૭.૮૦ અને કોટન ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૧ ગાંસડીદીઠ રૂ.૨૧૦ વધી રૂ.૩૧,૧૮૦ બોલાઈ રહ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં ૯,૮૯૬ સોદાઓમાં રૂ.૧,૭૫૦.૦૮ કરોડનાં ૩,૬૫૦.૭૪૧ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં ૩૧,૮૧૬ સોદાઓમાં કુલ રૂ.૧,૨૩૧.૩૭ કરોડનાં ૧૯૯.૭૫૮ ટનના વેપાર થયા હતા. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમના વાયદાઓમાં રૂ.૧૮૫.૩૩ કરોડનાં ૮,૮૦૦ ટન, જસતના વાયદાઓમાં રૂ.૨૦૦.૯૩ કરોડનાં ૭,૫૨૫ ટન, તાંબુ કોન્ટ્રેક્ટ્સમાં રૂ.૧,૦૦૫.૪૯ કરોડનાં ૧૩,૮૫૨.૫૦૦ ટન, નિકલના વાયદાઓમાં રૂ.૮૧૬.૯૪ કરોડનાં ૫,૩૧૦ ટન અને સીસું કોન્ટ્રેક્ટ્સમાં રૂ.૩૯.૬૯ કરોડનાં ૨,૧૬૦ ટનનાં કામકાજ થયાં હતાં. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૮,૦૪૩ સોદાઓમાં રૂ.૧,૭૧૬.૫૯ કરોડનાં ૩૩,૫૦,૦૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં ૧૫,૫૯૧ સોદાઓમાં રૂ.૯૪૯.૧૫ કરોડનાં ૩,૨૭,૨૬,૨૫૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં ૯૦૭ સોદાઓમાં રૂ.૯૩.૨૨ કરોડનાં ૨૯૮૨૫ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં ૯૬ સોદાઓમાં રૂ.૪.૫૭ કરોડનાં ૪૮.૨૪ ટન, રબરના વાયદાઓમાં ૧૬ સોદાઓમાં રૂ.૦.૩૧ કરોડનાં ૧૭ ટનના વેપાર થયા હતા. સીપીઓના વાયદાઓમાં ૯૬૮ સોદાઓમાં રૂ.૧૫૯.૬૪ કરોડનાં ૧૪,૪૬૦ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૧૩,૧૫૧.૪૭૭ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૬૬૬.૭૧૨ ટન, એલ્યુમિનિયમમાં ૧૧,૬૪૦ ટન, જસત વાયદામાં ૮,૪૪૦ ટન, તાંબુ કોન્ટ્રેક્ટ્સમાં ૧૫,૧૮૫ ટન, નિકલ વાયદામાં ૨,૪૬૧.૫૦૦ ટન, સીસું કોન્ટ્રેક્ટ્સમાં ૩,૫૭૦ ટન, ક્રૂડ તેલમાં ૬,૮૩,૮૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૧,૨૯,૮૮,૭૫૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૧૩૩૩૦૦ ગાંસડી, મેન્થા તેલમાં ૩૩૨.૬૪ ટન, રબરમાં ૭૬ ટન, સીપીઓમાં ૭૯,૯૦૦ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, પ્રથમ સત્ર સુધીમાં ૧,૫૨૧ સોદાઓમાં રૂ.૧૨૯.૩૬ કરોડનાં કામકાજ થયાં હતાં, જેમાં બુલડેક્સ વાયદામાં ૫૨૭ સોદાઓમાં રૂ.૩૯.૭૦ કરોડનાં ૫૬૪ લોટ્સ અને મેટલડેક્સ વાયદામાં ૯૦૧ સોદાઓમાં રૂ.૮૩.૫૩ કરોડનાં ૧,૦૦૯ લોટ્સના વેપાર થયા હતા. એનર્જી ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ૯૩ સોદામાં રૂ.૬.૧૩ કરોડનાં ૯૪ લોટના વેપાર થયા હતા. ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે બુલડેક્સ વાયદામાં ૨,૦૬૬ લોટ્સ અને મેટલડેક્સ વાયદામાં ૭૬૯ લોટ્સ તેમ જ એનર્જી ઈન્ડેક્સ વાયદામાં ૨૦૫ લોટ્સના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ ડિસેમ્બર વાયદો ૧૪,૦૯૦ના સ્તરે ખૂલી, ઊપરમાં ૧૪,૦૯૬ અને નીચામાં ૧૪,૦૫૦ના સ્તરને સ્પર્શી, ૪૬ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૯ પોઈન્ટ વધી ૧૪,૦૭૮ના સ્તરે પહોંચ્યો હતો, જ્યારે મેટલડેક્સ ડિસેમ્બર વાયદો ૧૬,૬૪૬ના સ્તરે ખૂલી, ૧૫૭ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૪૫ પોઈન્ટ ઘટી ૧૬,૫૯૪ના સ્તરે પહોંચ્યો હતો. એનર્જી ઈન્ડેક્સનો ડિસેમ્બર વાયદો ૫,૧૬૩ના સ્તરે ખૂલી, ઊપરમાં ૫,૨૫૪ અને નીચામાં ૫,૧૬૩ બોલાઈ દિવસ દરમિયાન ૯૧ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૯ પોઈન્ટ સુધરી ૫,૨૩૮ના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં ૨૮,૧૦૯ સોદાઓમાં રૂ.૨,૦૭૨.૧૧ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનાના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૯૨.૬૨ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૧.૬૮ કરોડ અને ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧,૯૫૭.૮૧ કરોડનાં કામકાજ થયાં હતાં.

# પત્નીએ પતિને પૈસા ન આપતા માથાના ભાગે દંડાથી ફટકારી

અમદાવાદ,તા.૦૭

અમદાવાદ શહેરના દાણિલીમડા વિસ્તારમાં રહેતી પરીણિતાએ અગિયાર વર્ષ પહેલા પતિ સાથે પ્રેમ લગ્ન કર્યાં હતાં. તેને સંતાનમાં એક દીકરો છે. પરીણિતાના લગ્ન થયાંના ત્રણ વર્ષ બાદ તેનો પતિ નાની નાની બાબતોમાં પરીણિતા સાથે ઘરમાં ઝગડા કરતો હતો.

પતિના વધેલા ત્રાસને કારણે પરીણિતા તેના પિયરમાં રહેવા ગઈ હતી. પરંતુ તેની માતાએ સંતાનની જિંદગી અને સંસાર બગડે નહી તેમ સમજાવીને ફરીથી પતિના ઘરે રહેવા મોકલી હતી. પતિ તેની પત્નીને કહેતો હતો કે તું તારા માતાપિતાના ઘરેથી કોઈ સરસામાન કે દાગીના લાવી નથી. તું મને કમાઈને પૈસા આપ એમ કરીને હેરાન કરતો હતો. એક વર્ષ પહેલાં પણ પતિએ પત્નીને મારી હતી જેના કારણે પત્નીને હોસ્પિટલમાં સારવાર લેવી પડી હતી. ત્યાર બાદ પતિએ ગાડી છોડાવવા માટે પત્નીને કહ્યું હતું કે મારે ગાડી છોડાવવી છે. તું તારા માં બાપ પાસેથી પૈસા લઈ આવ. જેથી પત્નીએ તેના પિતા અને બનેવી પાસેથી ગાડી લેવા માટે પતિને પૈસા આપ્યા હતાં. તે છતાંય પતિનો કકળાટ ઓછો નહોતો થયો. પતિએ પત્નીને કહ્યું હતું કે તું મને પૈસા આપ મારે મકાન માલિકને આપવા છે. એવું કહીને પત્નીને ગંદી બિભત્સ ગાળો બોલી હતી અને વાળ પકડીને ગડદાપાટુનો માર મારવા લાગ્યો હતો. પતિએ પત્નીના માથામાં દંડાથી બે ત્રણ ફટકા માર્યા હતાં. તેણે પત્નીને કહ્યું હતું કે જો તું પોલીસ ફરિયાદ કરીશ તો તને જાનથી મારી નાંખીશ. ઈજાગ્રસ્ત પત્નીએ સારવાર માટે એલજી હોસ્પિટલમાં ગઈ હતી. જ્યાં તેને આઈસીયુ વોર્ડમાં સારવાર માટે રાખવામા આવી હતી.

# જામનગરના ભાઈએ ગીતાજીના ૭૦૦ શ્લોક અંગ્રેજીમાં ઊંધા અક્ષરે લખ્યા

જામનગર, તા.૦૭

ભારતના નકશામાં અંગ્રેજી ભાષામાં ઊંધા અક્ષરે પ્રતિજ્ઞા પત્ર લખ્યું છે. મરાઠી સંતો પ્રત્યે મને પહેલેથી જ આકર્ષણ છે જેથી આગળ મરાઠી ભાષાનો અભ્યાસ કરી મરાઠી ભાષામાં ઊંધા અક્ષરે ગ્રંથ લખવાની મહેચ્છા હોવાનું દિલીપભાઈ જણાવ્યું છેજામનગરમાં પટેલ કોલોની વિસ્તારમાં રહેતા દિનેશભાઈ લાલજીભાઈ અનડકટને ઊંધા અક્ષરે લખવાનો શોખ છે. તેમણે લોકડાઉન દરમિયાન સમયનો સદઉપયોગ કરી અંગ્રેજી ભાષામાં ઊંધા અક્ષરે ગીતાજીના ૭૦૦ શ્લોક લખ્યા છે.

આ પહેલા તેમણે ૨૦૦૬માં ગુજરાતી ભાષામાં ૭૦૦ શ્લોક સાથે ગીતાજી, ૬૭૫ પાનાની રામાયણ અને હનુમાન ચાલીસા લખી હતી. દિનેશભાઈ જણાવ્યું હતું કે નાનપણથી જ ઉધા અક્ષરે લખવાનો શોખ હતો. પરંતુ આ શોખ મિત્ર અને પત્નીને પત્ર લખવા પૂરતો સીમિત રાખ્યો હતો. પરંતુ વર્ષ ૨૦૦૬માં ઈટાલિયન પેઈન્ટર લિયોનાદ વિન્સી વિશે વાંચ્યું કે તે તેની ડાયરીમાં ઉધા અક્ષરે લખે છે. ત્યારથી મારી કળાને વધુ વેગ મળ્યો અને ૨૦૧૬ માં ભારતીય સંસ્કૃતિના મહાગ્રંથોને ઉલ્ટા અક્ષરે લખવાનું શરૂ કર્યું. ૨૮ દિવસની અંદર ગુજરાતી ભાષામાં દરરોજ એક કલાક ઉલ્ટા અક્ષરે લખવાનું શરૂ કર્યુ હતું. જેમાં સફળતા મળતા ભાગવત ગીતાના ૧૮ અધ્યાયના ૭૦૦ શ્લોક પુરા કર્યા હતા. આ સફળતા બાદ ૬૭૫ પાનાની રામાયણ અને હનુમાન ચાલીસા પણ આ રીતે લખી હતી.

### અઢી વર્ષની બાળકી પર દુષ્કર્મ કેસમાં સૌથી ઝડપી ચુકાદો અપાયો

# સુરતના દુષ્કર્મના આરોપી ગુડ્ડુ યાદવને ફાંસીની સજા અપાઈ



સુરત, તા.૦૭

દિવાળીની આગલી રાત્રિ, એટલે કે ચોથી નવેમ્બરના રોજ માત્ર અઢી વર્ષની બાળકીનું અપહરણ કરીને પરપ્રાંતીય એવો ગુડ્ડુ યાદવ વડોદ નજીક ઝાડીઝાખરમાં લઈ ગયો હતો અને તેના પર દુષ્કર્મ ગુજારી તેનું ગળું દબાવીને હત્યા કરી નાખી હતી. આરોપી બે દિવસ બાદ પોલીસની પકડમાં આવ્યો હતો. બાદમાં પાંડેસરા પોલીસે સાત જ દિવસમાં ચાર્જશીટ રજૂ કરી દીધી હતી અને સરકાર પક્ષે ૭ દિવસમાં જ ટ્રાયલ પૂરી કરી હતી. કુલ ૬૯ સાક્ષી પૈકી સરકાર પક્ષે ૪૨ સાક્ષી જ ચકાસ્યા હતા.સુરતના પાંડેસરાની અઢી વર્ષની બાળકી સાથે દુષ્કર્મ કરી હત્યા કરવાના કેસમાં દોષિત ઠરાવાયેલા ગુડ્ડુ યાદવને સેશન્સ કોર્ટે ફાંસીની સજા ફટકારી છે. સરકારી વકીલ નયન સુખડવાલા મુજબ, આ ગુજરાતના ઈતિહાસનો સૌથી ઝડપી ચુકાદો છે. કોર્ટે માત્ર ૨૯ દિવસમાં ફાંસીની સજા ફટકારી છે. એમાં પણ અઢી વર્ષની બાળકી પર દુષ્કર્મ કરવાના કેસમાં ઈતિહાસમાં ક્યારેય આટલો ઝડપી ચુકાદો આવ્યો નથી. રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું હતું કે ગણતરીના દિવસોમાં જ બાળકીને ન્યાય અપાવવામાં સફળતા મળી છે. પોલીસના જવાનોએ ખૂબ ઉમદા કામગીરી કરીને માત્ર ગણતરીના સાત દિવસમાં જ ચાર્જશીટ રજૂ કરી હતી. ન્યાયતંત્રની સાથે સંકળાયેલા વકીલો,તબીબોની ટીમ એફએસએલ તથા ડીએનએ સહિતની તમામ ટીમોએ ખૂબ ઝડપી કામગીરી કરીને ઝડપી ન્યાય બાળકીને અપાવ્યો છે. હું પોલીસ અને વકીલો સાથે પણ સતત સંપર્કમાં હતો અને તમામ મદદની ખાતરી અપાઈ હતી. ગુજરાતમાં હવે ન્યાય માટે લાંબો સમય રાહ ન જોવી પડે એવી સ્થિતિનું નિર્માણ થયું છે. આ પહેલાં પોલીસે આરોપીની ધરપકડ કરી ૮ દિવસમાં ચાર્જશીટ રજૂ કરી હતી, જેમાં ૭ દિવસમાં ટ્રાયલ પૂર્ણ કરાઈ હતી. સોમવારે આરોપી આ કેસમાં તકસીરવાર ઠેરવાયો હતો, જેમાં આજે (મંગળવારે) કોર્ટે ચુકાદો આપતાં ફાંસીની સજા જાહેર કરી હતી, સાથે જ બાળકીના પરિવારને ૨૦ લાખની સરકારી વળતર ચૂકવવા હુકમ કરવામાં આવ્યો છે. પોલીસ કમિશનર અજય તોમરએ જણાવ્યું હતું કે,પોલીસે દિવાળી હોવા છતાં તહેવારને અવગણીને બાળકીની શોધખોળ ચલાવી હતી. બાળકી મળી આવ્યા પછી પીએમમાં તેના પર દુષ્કર્મ થયાનું સામે આવતાં તપાસ હાથ ધરી હતી. આરોપીને ઝડપી લઈને તમામ વૈજ્ઞાનિક પૂરાવા એકઠાં કર્યા હતાં. બાદમાં માત્ર આઠ જ દિવસમાં ચાર્જશીટ રજૂ કરી હતી. પોલીસની એસઓજી,ક્રાઈમ બ્રાંચ સહિતની ટીમોએ ઝડપી કામગીરી કરીને બાળકીને ન્યાય અપાવ્યો છે.પાંડેસરા ટીમ અને આ કેસમાં કામ કરનાર જવાનોને સ્પેશિયલ પુરસ્કાર માટે રજુઆત કરીશ તેમ કમિશનરે વધુમાં ઉમેર્યું હતું. સરકારી વકીલ નયન સુખડવાલાએ કહ્યું હતું કે નરાધમના નરપિશાચી કૃત્યની યોગ્ય સજા કોર્ટે ફટકારી છે. પોલીસ, તબીબી ટીમ સહિત ન્યાયતંત્ર સાથે સંકળાયેલા લોકોનો પૂરતો સપોર્ટ મળ્યો હતો. ઝડપી ચુકાદામાં યોગ્ય ન્યાય બાળકીને મળે એ માટે શક્ય તમામ પ્રયાસ કરવામાં આવ્યા હતા. ગૃહરાજયમંત્રી હર્ષ સંઘવીએ પણ આ કેસ ઝડપથી ચાલે અને ન્યાય મળે એ માટે સંબંધિત વિભાગમાં ટેલિફોનિક સંપર્ક કર્યો હતો. ભોગ બનનાર અઢી વર્ષની બાળકીની માતાએ ચુકાદાને આવકાર્યો હતો. કોર્ટ પરિસરમાં બાળકીની માતા રડી પડી હતી. રડતી આંખે બાળકીની માતાએ કહ્યું હતું કે 'સાહેબ ન્યાય મિલા, બહુત મદદ કી'. ઝડપી ન્યાયને પણ તેણે આવકાર્યો હતો.

### દિલ્હીની શિક્ષણ ક્રાંતિના નાયકા અને દિલ્હીના

# એમ.એલ.એ શ્રી આતિશી સિંહની ગુજરાત શિક્ષણના તજજ્ઞો સાથે શિક્ષણ સંવાદ



આમ પાર્ટી ના દિલ્હીના એમએલએ અને દિલ્હીની શિક્ષણ ક્રાંતિના નાયકા શ્રી આતિશી સિંહ તારીખ ૪/૧૨/૨૧ ના રોજ અમદાવાદની મુલાકાતે આવેલ હતા તેઓ અમદાવાદની નોવોટેલ હોટલમાં શિક્ષણ શાસ્ત્રી ઓ સાથે સંવાદ કરેલ હતો.તેમની આ મુલાકાત આમ આદમી પાર્ટીની ઈલેક્શન મોડની તૈયારી માનવામાં આવે છે આતિશીજી પોતાનો અભ્યાસ ઓક્સફર્ડ યુનિવર્સિટીમાં કરેલ છે અને ત્યાંથી ગોલ્ડ મેડલ પણ મેળવેલ છે ગુજરાતના આમ આદમી પાર્ટી ના શિક્ષણ સેલના પ્રમુખશ્રી જીતેન્દ્ર ઉપાધ્યાય જણાવ્યું કે આતીશિજી ની ગુજરાત મુલાકાત દરમિયાન તેઓ ગુજરાતની શિક્ષણ નીતિ, પદ્ધતિ અને કામગીરીનો અભ્યાસ કરશે અને એ પછી આગામી ચૂંટણીમાં શિક્ષણ મુદ્દે આમ આદમી પાર્ટીનો રોડ મેપ તૈયાર કરશે

આ કાર્યક્રમમાં ગુજરાત ના શિક્ષણ સાથે જોડાયેલા ટેકનિકલ કોલેજ ના નિવૃત પ્રિન્સિપલ, સ્કૂલોના શિક્ષકો તથા શિક્ષણ સાથે જોડાયેલા લોકો એ મોટી સંખ્યામાં હાજરી આપેલ હતી અને આ આતીશી સિંહ સાથે સંવાદ કરેલ હતો આતિશી સિંહ દ્વારા દિલ્હી માં શિક્ષણમાં જે પરિવર્તન થયું તેની બધી રૂપરેખા રજુ કરવામાં આવેલ હતી અને આ કાર્યક્રમમાં શિક્ષણ વિદો ના પ્રશ્નોના જવાબ આપવામાં આવ્યા હતા. ૨૦૨૨માં ગુજરાત વિધાનસભાની ચૂંટણી આવી રહી છે ત્યારે રાજ્યની જનતા પરિવર્તન ઈચ્છી રહી હોવાનો દાવો કરતા આ કારણથી જ આપને તાજેતરની ગાંધીનગરની ચૂંટણીમાં જંગી મત મળ્યા હોવાનું પણ તેમણે જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં શિક્ષણ જગતના તજજ્ઞો ની મોટી સંખ્યામાં હાજરી એ ૨૦૨૨ ની ચૂંટણીમાં કેટલી અસરકારક રહે છે તે આવનારી વિધાનસભાની ચૂંટણીમાં જ ખબર પડશે.

# તીર્થ ચેસ ક્લી ઓપન ફીડે રેટીંગ ચેસ ટુર્નામેન્ટમાં ગુજરાતનો કર્તવ્ય અનડકટ બન્યો ચેમ્પીયન





ઉપરોક્ત ટુર્નામેન્ટનું આયોજન તા.૧ થી ૬ ડિસેમ્બર, ૨૦૨૧ દરમ્યાન રાયફલ કલબ ખાતે થયેલ. કુલ ૨૪૬ જેટલા ખેલાડીઓ આ ટુર્નામેન્ટમાં ભાગ લેવા ભારતના વિવિધ રાજયોમાંથી આવેલા હતા. ટુર્નામેન્ટમાં કુલ ૯ રાઉન્ડ સ્વિસ પધ્ધતિથી રમાયેલ જેમાં કુલ રૂા.૧ લાખના ઈનામો તેમજ ટ્રોફીઓ વિજેતા ખેલાડીઓ વચ્ચે વહેંચવામાં આવ્યા હતા. ગુજરાતનો કર્તવ્ય અનડકટ શાનદાર પ્રદર્શન દેખાડી ૮.૫ પોઈન્ટ સાથે ચેમ્પીયન બન્યો હતો જયારે આઈએમ રાહુલ સંગમા, સોહીલ શેખ, કુશલ જાની તેમજ અંકિત ચુડાસમા ૭.૫ પોઈન્ટ સાથે અનુક્રમે બીજા, ત્રીજા, ચોથા અને પાંચમાં ક્રમાંકે રહ્યા હતા.

આ ટુર્નામેન્ટમાં સૌથી નાની વયના ખેલાડી ધૈર્ય અમિત શ્રોફ કે જેઓ માત્ર ૪ વર્ષ અને ૧૧ મહિનાના છે તેઓએ એક રેટેડ ખેલાડીની હરાવી ઈનામ તેમજ ટ્રોફી હાંસલ કરેલ અને આકર્ષણનું કેન્દ્ર બનેલ. કુલ રૂા.૧ લાખના રોકડ ઈનામો તથા ટ્રોફી વિજેતા ખેલાડીઓને શ્રી ભાવેશ પટેલ (વાઈસ પ્રેસીડન્ટ, એઆઈસીએફ તેમજ જીએસસીએ), શ્રી મયૂર પટેલ (વાઈસ પ્રેસીડન્ટ, જીએસસીએ), શ્રી વિરલ પટેલ (ડાયરેક્ટર, કર્ણાવતી કલબ) તેમજ શ્રી જોય ચૌહાણ (મેનેજીંગ ડાયરેક્ટર, તીર્થ ચેસ કલબ) દ્વારા વહેંચી ખૂબ ખૂબ અભિનંદન પાઠવવામાં આવેલ.

# અમદાવાદની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓની માહિતી દર્શાવતી ઉપયોગી ડાયરીનું વિમોચન કરવામાં આવ્યું

## કલાસીસ સંચાલકોના ધર્મપત્નીઓને અમદાવાદ એજ્યુકેશન ગ્રુપ દ્વારા નારી સન્માન એવોર્ડ દ્વારા નવાજવામાં આવ્યા




અમદાવાદ:

અમદાવાદ એજ્યુકેશન ગ્રૂપ દ્વારા તારીખ ૫/૧૨/૨૧ને રવિવારના રોજ હોટલ ગ્રીન ડેઝર્ટ, એસ.જી.હાઈવે, અમદાવાદ ખાતે દિવાળી ગેટ ટુ ગેધર નું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

છઈય ના ચેરમેન શ્રી વિજયભાઈ મારૂ, પ્રમુખશ્રી સતિષભાઈ શાહ, સેક્રેટરીશ્રી સરજુભાઈ ચૌહાણ, ખજાનચીશ્રી મનીષભાઈ પંચાલ, મીડિયા એડવાઈઝર શ્રી હેમાંગભાઈ રાવલ,પૂર્વ પ્રમુખશ્રી સુહાગભાઈ પંચાલ, ઝંકૃતભાઈ આચાર્ય દ્વારા દીપ પ્રાગટ્ય કરીને કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં છઈયના કલાસીસ સંચાલકોના ધર્મપત્નીનું ક્રાઉન પહેરાવી અને તેમના ફોટાવાળા પ્રિન્ટેડ દુપટ્ટા સાથે નારી શક્તિ સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં કલાસીસ સંચાલકોના ધર્મપત્નીઓને સ્ટેજ ફાળવવામાં આવ્યું હતું અને નારી શક્તિનું એક ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું હતું.

આ પ્રસંગે અમદાવાદની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓની માહિતી દર્શાવતી ઉપયોગી ડાયરીનું વિમોચન અગ્રણી શિક્ષણવિદો દ્વારા કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં ૫૦૦થી વધુ શૈક્ષણિક પરિવારોના સભ્યોએ ભાગ લીધો હતો જેના મુખ્ય મહેમાન શ્રી નીતીનભાઈ પટેલ (જાણીતા ઉદ્યોગપતિ), અતિથિ વિશેષ ડૉ વનીતાબેન રાકેશભાઈ વ્યાસ તથા જ્યોતિબેન તલાટી (એડવોકેટ) નારી સન્માન સમારંભમાં પધારી કાર્યક્રમની શોભા વધારી હતી. આ કાર્યક્રમ ના મુખ્ય સ્પોન્સર પારૂલ યુનિવર્સિટી દ્વારા તેમની યુનિવર્સિટી અને તેના દ્વારા ચલાવવામાં આવતા વિવિધ કોર્ષ વિશેની માહિતી આપવામાં આવી હતી.આ કાર્યક્રમમાં બાળકો માટે ખુલ્લા ગ્રાઉન્ડમાં વિવિધ પ્રકારની ગેમ રમાડવાનું આયોજન કરવામાં આવ્યું હતું.રૂસમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટેઃ શ્રી સંદીપભાઈ ત્રિવેદી તથા રોનાલીબેન પટેલ, શ્રી રાકેશભાઈ પરમાર, શ્રી વિરલ ભાઈ શાહ, શ્રી મનીષભાઈ વ્યાસ, શ્રી રામભાઈ આહિર, બિપીનભાઈ ખંડવી, શ્રી સંજયભાઈ પરમાર, શ્રી અમિતભાઈ રાજપુત, શ્રી હેમંતભાઈ ચૌહાણ, શ્રી દીપકભાઈ પરમાર, શ્રી નીલેશભાઈ જોષી, શ્રી મુકેશભાઈ પરમાર, શ્રી શિવકુમાર, શ્રી કેતણભાઈ પંચાલ, ડૉ. કોમલ યાજ્ઞિક, સેજલબેન પટેલ, ગીતાબેન પટેલ, કૃતિબેન ત્રિવેદી, નિકિતાબેન દ્વારા સુંદર કામગીરી કરવામાં આવી હતી.

# શ્રી વૈષ્ણવ સાધુ સમાજ - વેરાવળ શહેર અને તાલુકા દ્વારા માવદાન ગઢવી વિરુદ્ધ મા આવેદનપત્ર આપ્યું

થોડા દિવસ પહેલા એક વિધ્ન સંતોષી અને હલકી માનસિકતા વાળા માવદાન ગઢવી નામ ના વ્યક્તિએ ખોટી પ્રસિદ્ધિ મેળવવા માટે સમગ્ર માર્ગી સાધુ સમાજ ને અભદ્ર શબ્દ પ્રયોગ કરીને સાધુ સમાજ નું અપમાન કરેલ છે તેના વિરોધમાં સાધુ સમાજ ના વેરાવળ તાલુકા પ્રમુખ શ્રી શામળદાસભાઈ ગોંડલીયા, વેરાવળ શહેર ના પ્રમુખ શ્રી શૈલેષબાપુ મેસવાણીયા, ઉપપ્રમુખશ્રી યોગેશભાઈ ગોંડલીયા, અધ્યક્ષશ્રી મહેશભાઈ દુધરેજીયા,ખજાનચીશ્રી અનુજભાઈ ગોંડલીયા, કારોબારી શ્રી રાજુભાઈ દુધરેજીયા તથા બાબુભાઈ ગોંડલીયા, નિલેશભાઈ ગોંડલીયા, વિશાલ મેસવાણીયા, ચરણદાસબાપુ ગોંડલીયા, વિકાસભાઈ હરીયાણી, વનમાળીદાસ હરિયાણી, ક્રિષ્ના હરિયાણી, ઘનશ્યામભાઈ ગોંડલીયા, ભગુભાઈ ગોંડલીયા, હાર્દિક ગોંડલીયા તથા સમાજ ના હોદેદારોએ ગીર સોમનાથ ના કલેક્ટરશ્રીને તારીખઃ ૦૭/૧૨/૨૦૨૧ ને મંગળવારે બપોરે ૧૨:૦૦ વાગ્યે આવેદનપત્ર આપીને તેની સામે કાયદાકીય કાર્યવાહી થાય તેવી માંગ કરવામા આવી અને જો પાંચ દિવસમાં યોગ્ય કાર્યવાહી નહીં થાય તો આગામી સમયમાં અનશન, રેલી, ઠેર ઠેર રામધૂન અને ગાંધી ચીંધ્યા માર્ગે આંદોલન કરવામાં આવશે.



**શ્રી જશુભાઇ પટેલ...ઓસ્ટ્રેલિયા નિવાસી મૂળ અડાલજ ના વતની આજે ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક કાર્યાલય ગાંધીનગર ગૃહે તંત્રી પ્રદીપ રાવલ સાથે મુલાકાતે ...સુંદર સાહિત્યિક સ્મરણો વાગોળવાની મજા આવી.અનેક જૂના અને નવા સાહિત્યિક સર્જકો ના સંપર્ક માં તેઓ જુદા જુદા ગ્રુપ દ્વારા રહી શકે છે..આજે તેઓ ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ના મેમ્બર તરીકે પણ જોડાઈ રહ્યા છે....તંત્રી : પ્રદીપ રાવલ**

### આરોગ્ય તંત્રમાં દોડધામ,દર્દીઓમાં ફફડા

# 'Omicron`ની દહેશત : અરવલ્લીના ભિલોડાની ખાનગી હોસ્પિટલના તબીબ કોરોનાની ઝપેટમાં

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

કોરોના વાયરસના નવા પ્રકાર 'ઓમિક્રોન'નો ખતરો દિવસેને દિવસે વધી રહ્યો છે. ઓમીક્રોન વાયરસ ઝડપથી ફેલાઈ રહ્યો છે ઓમિક્રોન સંક્રમિત દર્દી અનેક લોકોને શિકાર બનાવતો હોવાથી સમગ્ર વિશ્વમાં ફફડાટ ફેલાયો છે ગુજરાતમાં પણ ઓમિક્રોન' સંક્રમિત દર્દીઓ ધીરે ધીરે વધી રહ્યા છે રાજ્યમાં કોરોનની ત્રીજી લહેરની દહેશત વચ્ચે કોરોનાએ ફરીથી માથું ઉંચક્યું છે ત્યારે અરવલ્લી જીલ્લાના ભિલોડામાં નામાંકિત ખાનગી હોસ્પિટલના તબીબ કોરોનામાં સપડાતા આરોગ્ય તંત્રમાં ભારે દોડધામ મચી છે કોરોના સંક્રમિત તબીબ હાલ હોમ કોરન્ટાઇન કરવામાં આવ્યા છે અને તબીબનો રિપોર્ટ પોઝેટીવ આવતા તબીબી ઓમિક્રોન' સંક્રમણનો શિકાર બન્યા છે કે નહિ તે જાણવા તેમના સેમ્પલ ગાંધીનગર મોકલવા આરોગ્ય તંત્રએ તજવીજ હાથધરી છ.ોરોના વાયરસનો ઓમિક્રોન વેરિઅન્ટ સમગ્ર વિશ્વમાં ઝડપથી ફેલાઈ રહ્યો છે અત્યાર સુધીમાં દેશના ૫ રાજ્યો રાજસ્થાન, મહારાષ્ટ્ર, દિલ્હી, ગુજરાત અને કર્ણાટકમાં આ નવા વેરિઅન્ટના ૨૨ થી વધુ કેસની પુષ્ટિ થઈ છે.ત્યારે ભિલોડાની ખાનગી હોસ્પિટલના તબીબ કોરોનામાં સપડાતા સમગ્ર પંથકના ભારે ફફડાટ ફેલાયો છે આરોગ્ય તંત્રએ પણ તબીબ કોરોના પોઝેટીવ હોવાનું જણાવ્યું હતું ત્યારે કોરોના સંક્રમિત તબીબના સંપર્કમા આવેલા લોકો અને તેમની પાસે સારવાર કરાવેલ દર્દીઓ ચિંતિત બન્યા છે આરોગ્ય તંત્રએ તબીબનો રિપોર્ટ કોરોના પોઝેટીવ આવતા હોમકોરન્ટાઇન કરી સમગ્ર વિસ્તારને કન્ટેન્ટમેન્ટ એરિયા જાહેર કરી સર્વેલન્સની કામગીરી હાથધરી છ. ભિલોડાના તબીબ કોરોનામાં સપડાતા આ અંગે જીલ્લા એપેડેમિક અધિકારી ડૉ.પ્રવીણ ડામોરનો ટેલિફોનિક સંપર્ક કરતા તેમને તબીબનો રિપોર્ટ પોઝેટીવ આવ્યો હતો અને દસ દિવસ અગાઉ ભુજ ગયા હોવાની ટ્રાવેલ હિસ્ટ્રી છે તબીબનો રિપોર્ટ કોરોના પોઝેટીવ આવતા તેમના સેમ્પલ ગાંધીનગર વધુ તપાસ અર્થે મોકલી આપવા તજવીજ હાથધરી હોવાનું જણાવ્યું હતું

# સશસ્ત્ર સેના ધ્વજ દિને ફાળો અર્પણ કરતા અમદાવાદ જિલ્લા કલેક્ટર શ્રી સંદિપ સાગલે

## દેશની રક્ષા માટે પ્રાણ ન્યોચ્છાવર કરનારા વીર જવાનોના પરિવારોના કલ્યાણ માટે ફાળો આપી કૃતજ્ઞતા વ્યક્ત કરી




અમદાવાદ જિલ્લા કલેક્ટર શ્રી સંદિપ સાગલેએ ૭ ડિસેમ્બર, સશસ્ત્ર સેના ધ્વજ દિવસ નિમિત્તે ફાળો અર્પણ કરીને માતૃભૂમિની રક્ષા કરતા વીર જવાનો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી.

અમદાવાદ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે આયોજિત કાર્યક્રમ બાદ જિલ્લા કલેકટરશ્રીએ પ્રતિભાવ આપતા કહ્યું કે, "સશસ્ત્ર સેના ધ્વજ દિવસ એ આપણા રાષ્ટ્રના વીર જવાનો અને તેમના પરિવારજનો સ્વમાનભેર જીવી શકે એ માટે કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો અવસર છે."

જિલ્લા કલેકટરશ્રીએ સશસ્ત્ર સેના ધ્વજ દિવસે પ્રજાને અપીલ કરતાં કહ્યું કે, "આપણે સૌ ઉદાર હૃદયે યોગદાન આપીને આપણે રાષ્ટ્ર પ્રત્યેનું ઋણ અદા કરવું જોઈએ".

આ અવસરે જિલ્લા સૈનિક કલ્યાણના અધિકારી શ્રી પલકેશ ચૌધરી,ઓફિસ સુપ્રિટેન્ડેટન્ટ શ્રી કે.કે.પરમાર સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# લીમખેડા વરસાદી પાણીના નાળા પર ગેરકાયદેસર કબજો કરી દુકાનનુ બાંધકામ કરનાર ઇસમ વિરૃધ્ધ સરપંચે લીમખેડા પોલીસ મથકે ફરિયાદ આપતા ખળભળાટ



લીમખેડા તા.૦૭

લીમખેડા નગરમા ઝાલોદ રોડ પર આવેલ વરસાદી પાણીના નાળા ઉપર ખીરખાઈ ગામના ચંદ્રસીગ પ્રતાપભાઈ બારીઆ નામના ઈસમે ગેરકાયદેસર દુકાનનુ બાંધકામ કરવા માટે કપચી, રેતી, સીમેન્ટ, સળીયા સહિતનો માલ સામાન નાખી બાંધકામ કરવાની શરૂઆત કરતા સ્થાનિક લોકોએ વિરોધ નોધાવતા ગ્રામ પંચાયત ના સરપંચ દિનેશભાઈ ભરવાડ તેમજ તલાટી કમ મંત્રી સ્થળ ઉપર પહોંચી તાત્કાલિક અસરથી બાંધકામ થતુ અટકાવ્યુ હતુ,

ખીરખાઈ ગામના ચંદ્રસીગ પ્રતાપભાઈ બારીઆએ લીમખેડાની મધ્ય મા આવેલા રાધે સિલેક્શન ની બાજુમા આવેલ સરકારી સર્વે નંબર ૫૪ પૈકી સરકારી માલિકીની મિલકત મા કોઈપણ પ્રકાર પરવાની વગર ગેરકાયદેસર પ્રવેશ કરી નાળાની પ્રોટેક્શન દિવાલ તોડી સરકારી મિલ્કત ને મોટુ નુકસાન પહોંચાડી ગેરકાયદેસર દુકાન બાંધકામ માટે કોલમ ઉભા કરવા ખાડા ખોદવામા આવતા સ્થાનિક ગ્રામજનો અચંબામા પડી ગયા હતા, સ્થાનિક લોકોએ બાંધકામ અંગે પુછપરછ કરતા કોઈ સરખો જવાબ નહિ આપતા સ્થાનિક ગ્રામજનોએ સરપંચ અને તલાટીને જાણ કરતા સરપંચ અને તલાટી તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યા હતા તાત્કાલિક બાંધકામ અટકાવ્યુ હતુ. ગ્રામ પંચાયત દ્વારા સીમેન્ટ, સળીયા સહિતનો માલસામાન સામાન જપ્ત કરી સરપંચે લીમખેડા પોલીસ મથકે કાયદેસરની ફરીયાદ દાખલ કરવા અરજી આપતા લીમખેડા પોલીસે અરજીના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

મયુર રાઠોડ ,દાહોદ

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.